Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન સત્ય પ્રકાશ

જૈન તત્ત્વજ્ઞાન, સાહિત્ય, કળા અને ઇતિહાસના વિષયો ચર્ચતું
શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિનું
માસિક મુખપત્ર.

卐

તંત્રી,
શાહ ચીમનલાલ ગોકળદાસ

વર્ષ ૨ ] ક્રમાંક ૧૮ [ અંક ૬

ACHARYA SRI KAILASSAGARSURI GYANMANDIR
SHREE MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba, Gandhinagar - 382 007.
Ph. : (079) 23276252, 23276204-05
Fax : (079) 23276249

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन सत्य प्रकाश

( मासिक पत्र )

## વિષય–દર્શન


૧ श्री तालध्वजगिरिमंडन–सत्यदेव–स्तोत्रम् :
आचार्य महाराज श्रीमद् विजयपद्मसूरिजी ३५१

૨ દિગમ્બરોની ઉત્પત્તિ : આચાર્ય મહારાજ શ્રીમત્ સાગરાનંદસૂરિજી ૩૫૪

૩ પ્રભુ શ્રી મહાવીરનું તત્ત્વજ્ઞાન : આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરિજી ૩૫૯

૪ મંખલિપુત્ર ગોશાલ : મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી ૩૬૩

૫ પલ્લીવાલ નેમડ અને તેના કુટુમ્બનાં ધર્મકાર્યો : મુનિરાજ શ્રી જયંતવિજયજી ૩૬૮

૬ જૈનપુરીનાં જિનમંદિરોની અપૂર્વ કળા : શ્રીયુત સારાભાઈ મણિલાલ નવાબ ૩૭૩

७ यतिमर्यादा–पट्टक : उपाध्याय महाराज श्री यतीन्द्रविजयजी ३७६

८ दिगम्बर शास्त्र कैसे बनें : मुनिराज श्री दर्शनविजयजी ३७९

૯ મહાપ્રાચીન શ્રી કૌશાંબીનગરી : આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયપદ્મસૂરિજી ૩૮૩

૧૦ પુરાતન ઇતિહાસ અને સ્થાપત્ય.
(૧) પ્રાચીન લેખ સંગ્રહ ( ૧૦ લેખો ) : મુનિરાજ શ્રી જયંતવિજયજી ૩૮૫

११ श्री महावीर जिनश्राद्धकुलकम् : उपाध्याय महाराजश्री यतीन्द्रविजयजी ३८८

સમાચાર : : પૃ. ૩૯૦ ની સામે


### : પૂજ્ય મુનિરાજોને વિજ્ઞપ્તિ :

જે પૂજ્ય મુનિરાજોને "શ્રી જૈન સત્ય પ્રકાશ" મોકલવામાં આવે છે, તેઓએ પોતાના વિહારાદિકના કારણે બદલાતું સરનામું, દરેક મહિનાની શુકલા ત્રીજ પહેલાં અમને લખી જણાવવા કૃપા કરવી; જેથી માસિક ગેરવલ્લે ન જતાં વખતસર મળી શકે.

### : સૂચના :

પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયલાવણ્યસૂરિજીનો **"समीक्षा भ्रमाविष्करण"** શીર્ષક ચાલૂ લેખ આ અંકમાં આપી શકાયો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

णमो त्थु णं भगवओ महावीरस्स

सिरि रायनयरमज्झे संमीलिय सव्वसाहुसंमइयं । पत्तं मासियमेयं भव्वाणं मग्गयं विसयं ॥१॥

# 卐 શ્રી જૈન સત્ય પ્રકાશ 卐

अण्णाणग्गहदोसगत्थमइणा कुव्वंति जे धम्मिए,
अक्खेवे खलु तेसिमागमगयं दाउं विसिट्ठुत्तरं ॥
सोउं तित्थयरागमत्थविसए चे भेऽहिलासा तया,
वाइज्जा प्पवरं पसिद्धजइणं सच्चप्पयासं मुया ॥ २ ॥

પુસ્તક ૨ અંક ૬

| વિક્રમ સંવત્ ૧૯૯૩ : પોષ શુક્લા પંચમી | વીર સંવત્ ૨૪૬૩ રવિવાર | : સન ૧૯૩૭ જાન્યુઆરી ૧૭ |
|---|---|---|

# श्रीतालध्वजतीर्थमंडन-सत्यदेव-स्तोत्रम्

कर्त्ता—आचार्य महाराज श्रीमद् विजयपद्मसूरिजी

॥ आर्यावृत्तम् ॥

सिरिसिद्धचक्कजंतं–वंदिय गुरुणेमिसूरिगुणपयरं ॥
तालज्झयसुमइपहुं–करेमि थुइगोयरं भावा ॥ १ ॥

पंचसजीवणकूडे–जास हिहाणं पसिद्ध मावण्णं ॥
अप्पज्झाणणियाणा–विउलगुहा जत्थ दीसंति ॥ २ ॥

तालज्झयणामसुरो–इमंमि हिट्ठायगो सुमइभत्तो ॥
ता तालज्झयणामं एयस्स णगस्स संजायं ॥ ३ ॥

तालज्झयणामेणं–तडिणी सेत्तुंजयाइसंबद्धा ॥
पुरओ जलहिपसंगा–सोहइ एत्थाहभूमीए ॥ ४ ॥

णिव्वुइदायगतित्थं–सच्चचमुक्कारसच्चदेवमहं ॥
सिरिपंचमतित्थयरं–णिच्चं झाएमि चित्तंमि ॥ ५ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



वज्जजयंतविमाणे–भोच्चा सुरसम्म महियपुण्णफलं ॥
साकेयपुरीए जो–सावणसियबिइयदियहंमि ॥ ६ ॥

णिवमेहमंगलाए–कुच्छिंसि समागओ चवणकाले ॥
माहवसियट्ठमीए–जायं वंदामि तं सुमइं ॥ ७ ॥

तिसयधणुप्पमियंगं–सुवण्णवण्णं पभुत्तभूवत्तं ॥
माहवसियणवमीए–सहसगणं णिच्चभत्तेणं ॥ ८ ॥

णियणयरीए हेट्ठा–सालतरुस्स प्पवण्णपव्वज्जं ॥
चउनाणिपहुं तइया–वंदे तालज्झए सुमइं ॥ ९ ॥

वीसइवरिसाइं जा–जो छउमत्थो सजम्मणयरीए ॥
छट्ठतवेणं चित्ते–सुक्के इक्कारसीदियहे ॥ १० ॥

केवलणाणी जाओ–गणहरसयमंडियं मणुण्णमयं ॥
पढमचरमगणिपुज्जं–तं वंदे सुमइतित्थेसं ॥ ११ ॥

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

जे संताज्जयमोहमाणमयणा जे णिव्वियारा णरा ।
अण्णासाविणिवत्तगा गुरुयरं सोच्चा जिणिंदागमं ॥
निव्वाणामियबिंदुसायरसिया ते सेवणिज्जा सया ।
एवं सुंदरदेसणं पणमिमो तालज्झएसप्पहुं ॥ १२ ॥

कोहो रायविणासणो विणयसंणासोऽहिमाणो जए ।
मित्तीभावविओजओ पभणिओ डंभो रमाभावए ॥
लोहो सव्वगुणोहकट्ठजलणो हेया कसाया समे ।
एवं सुंदरदेसणं पणमिमो तालज्झएसप्पहुं ॥ १३ ॥

अट्टज्झाणविवड्ढगा दुरियवल्लीवड्ढणे जे घणा ।
भव्वा केवलभूसिया चरमचारित्ता य जेसिं खया ॥
तेसिं होइ जओ खमाइसुगुणेहिं ण्णहा वण्णिओ ।
एवं सुंदरदेसणं पणमिमो तालज्झएसप्पहुं ॥ १४ ॥

आरंभोऽणुचियाण चेव सयणोहेहिं विरोहो तहा ।
वीसासो ललणाजणस्स बलिहिं फद्धा किलेसप्पया ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मच्चुद्दारचउक्क मेय मणिसं चिच्चा लहिज्जासुहं ।
एवं सुंदरदेसणं पणमिमो तालज्झएसप्पहुं ॥ १५ ॥

जस्स ज्झाणवसेण सग्गपरमाणंदालयं लब्भए ।
णीसेसुत्तमभव्वपुज्जचरणं सच्चप्पहावण्णियं ॥
आहिव्वाहिविणासपच्चलमुहं णीरंजणं णिब्भयं ।
भत्तिप्पेमभरेण मेहतणयं सीसेण वंदामि हं ॥ १६ ॥

॥ उपजातिवृत्तम् ॥

विसुद्धलच्छीपरमप्पमोयं, समत्तवंछाविसयप्पयाणं ॥
विक्खायतालज्झयतित्थनाहं, तं सच्चदेवं पणमामि णिच्चं ॥ १७ ॥

जस्स प्पहावा ण भयं ण पीडा, सत्तूण भीई ण कयावि हुज्जा ॥
पसंतिपुण्णोदयलद्धिसिद्धी, तं सच्चदेवं पणमामि णिच्चं ॥ १८ ॥

सम्मत्तसीला मणुया प्पहाए, जं वंदिऊणं णिवतक्कराणं ॥
भयं पणासंति य सावयाणं, तं सच्चदेवं पणमामि णिच्चं ॥ १९ ॥

णिज्जामगो जे भवसायरंमि, भवाडवीमाणवसत्थवाहो ॥
मुणी महागोवसुधम्मभासी, तं सच्चदेवं पणमामि णिच्चं ॥ २० ॥

महइढिएहिं तियसेसरेहिं, भत्तिप्पमोयण्णियभाविएहिं ॥
विग्घप्पसंगे परिपूयणिज्जं, तं सच्चदेवं पणमामि णिच्चं ॥ २१ ॥

विसुद्धसड्ढा पडिमाइ भव्वा, जं पूइऊणं बहुमाणजोगा ॥
लहंति आरुग्गविणोयलच्छि, तं सच्चदेवं पणमामि णिच्चं ॥ २२ ॥

जस्स त्थवा हुज्ज विसिट्ठबुद्धी, धिइप्पवुड्ढी रसणा य सत्था ॥
जच्चंधमूयत्तगया ण हुज्जा, तं सच्चदेवं पणमामि णिच्चं ॥ २३ ॥

बहुप्पणट्ठंऽमम जस्स संगा, रागो वि सो ते स्सरणेण णट्ठो ॥
कम्माण जाया बहुणिज्जराओ, जिणेस हिट्ठं हिययं विसेसा ॥ २४ ॥

मुत्तिपयं ते सरणं पवण्णो, साहेमि चारित्त महं सुसत्थो ॥
अओ न पत्थं मम किंचि अण्णं, तं सच्चदेवं पणमामि णिच्चं ॥ २५ ॥

( अपूर्ण )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દિગંબરોની ઉત્પત્તિ

લેખક : આચાર્ય મહારાજ શ્રીમત્ સાગરાનંદસૂરિજી

(ત્રીજા અંકથી ચાલુ)

**નિશ્ચય અને વ્યવહાર :**

પોતાના ઉપર આવતા અનેક દોષોનું નિવારણ કરવા માટે છેલ્લા કેટલાક સમયથી કેટલાક દિગંબર ભાઈઓ પોતાને નિશ્ચય-પ્રધાન જાહેર કરે છે અને તે રીતે વ્યવહાર માર્ગનો અપલાપ કરે છે. આ માન્યતા समयसार ના કર્તા બનારસીદાસે શરૂ કરી છે. બનારસીદાસના વખતમાં દિગંબર-વસ્ત્ર વગરના-સાધુઓને નગ્ન રીતે ગામમાં ગોચરી ફરવાની રાજ્ય તરફથી મનાઈ કરવામાં આવી. પરિણામે ગોચરી જવા પૂરતા વખતને માટે તે સાધુઓને, નાના મોટા ગમે તે રંગના વસ્ત્રનો આશ્રય લેવો પડ્યો અને એ રીતે પોતાના દિગંબરપણાને દૂર કરવું પડ્યું. આ પરિસ્થિતિથી ભોળા લોકો ભરમાઈ ન જાય અને શ્વેતાંબર માર્ગના ઉપાસક ન બની જાય તે માટે, બનારસીદાસે समयसार ની રચના કરીને પોતાને નિશ્ચયમાર્ગના ઉપાસક બતાવીને વ્યવહાર માર્ગનો નિષેધ કર્યો. પરન્તુ જો તેમણે સ્વીકારેલ નિશ્ચયમાર્ગની ઘોષણા સાચે જ સત્યની ગવેષણા બુદ્ધિથી કરવામાં આવી હોત તો સ્ત્રી ચારિત્ર, સ્ત્રી મુક્તિ, ગૃહલિંગસિદ્ધ, અન્યલિંગસિદ્ધ વગેરે સિદ્ધાંતોને પણ તેઓએ પોતાના કર્યા હોત! એટલે દિગંબરો નિશ્ચયવાદનું આરાધન કરવાની વૃત્તિથી પ્રેરાઈને વ્યવહારમાર્ગના વિલોપક તેમજ નિશ્ચયવાદને માનનારા થયા છે એમ નથી. આ તો કેવળ અમુક સગવડ માટે જ સ્વીકારેલ માન્યતા છે.

વળી જૈનદર્શનની અનેકાન્તવાદની પવિત્ર જયપતાકા નીચે કેવળ નિશ્ચયવાદની આરાધનાને જ સ્થાન છે એમ નથી. ત્યાં તો જેમ એકલો વ્યવહાર આરાધવો પાલવે નહીં તેમ નિશ્ચય પણ એકલો ન પાલવે! નિશ્ચય અને વ્યવહાર એ બેમાંથી એકની પણ એકાંત આરાધના કરવાનું વિધાન કોઈ પણ સાચા અનેકાન્તવાદના ઉપાસકથી થઈ જ કેમ શકે? છતાં નિશ્ચય માર્ગનું એકાન્ત વિધાન કરવાનો તેમનો હેતુ સ્પષ્ટ છે કે શ્વેતાંબરો જે પૂજા,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભાવના, દાન, શીલ, તપ, સામાયિક, પ્રતિક્રમણ વગેરે શુદ્ધ વ્યવહારનું પવિત્ર આચરણ કરે છે તેના તરફ લોકો ન ખેંચાય અને પોતાનો (દિગંબર) માર્ગ ન છોડી દે! પણ પોતાની સંસારની બધીય પ્રવૃત્તિઓમાં, ધનધાન્યાદિના ઉપાર્જન વગેરેમાં, ક્ષણે ક્ષણે વ્યવહારમાં લાગ્યા રહેતા દિગંબરોનો આ વ્યવહારનો નિષેધ કેટલો સુસંગત છે તે સમજવું કઠણ નથી! પોતે માનેલા નિશ્ચયવાદને જ જો તેઓ સાચી રીતે વળગી રહે અને વ્યવહારમાર્ગને છોડી દે તો તો તેઓ કઈ પ્રવૃત્તિ કરી શકે, તેમજ બોલવા ચાલવાનું કે ઉઠવા બેસવાનું પણ તેઓ કરી શકે કે કેમ તેનો પણ જો તેઓએ વિચાર કર્યો હોત તો આ માન્યતાને તેઓ કદી અપનાવત નહીં! આ સંબંધી વિશેષ જાણવા ઇચ્છનારે ન્યાયાચાર્ય શ્રી યશોવિજયજી મહારાજનો अध्यात्ममतपरीक्षा નામક ગ્રંથ કે શ્રી મેઘવિજયજી ગણિ રચિત युक्तिप्रबोध ગ્રંથ જોવો.

### જિનમૂર્તિ અને ચક્ષુ:

નિશ્ચય અને વ્યવહારના બન્ને માર્ગના સ્વીકારના પવિત્ર સિદ્ધાંત પ્રમાણે શ્વેતાંબરો તો જેમ સચેલક(વસ્ત્રસહિત)પણામાં મોક્ષ માને છે તેમ અચેલક(નગ્ન)પણામાં પણ મોક્ષને માને છે. પણ દિગંબરોને તો પોતાના દુરાગ્રહના કારણે સ્ત્રીમુક્તિ, સ્ત્રીચારિત્ર, અન્યલિંગ-સિદ્ધ વગેરેનો સર્વથા નિષેધ કરવો પડ્યો એટલું જ નહીં પણ ત્રિલોકનાથ તીર્થંકર દેવની પૂજા અને આકારથી પણ તેમને ઘણે અંશે પતિત થવું પડ્યું. દિગંબરોના અનેક ગ્રંથોમાં શ્રીજિનેશ્વર ભગવાનની પૂજા અનેક પ્રકારના વનસ્પતિનાં તેમજ સુવર્ણનાં પુષ્પો કે મોતી વગેરેની માળા આદિથી કરવાનું સ્પષ્ટ વિધાન કરવામાં આવ્યું છે છતાં ભગવાનની પ્રતિમાને ચક્ષુ લગાવવાની વાત તેમને ગળે ઉતરી નથી. જો ભગવાન જિનેશ્વર મહારાજની આકૃતિ પ્રમાણે જ તેમની મૂર્તિ બનાવવી હોય તો એ મૂર્તિનું શરીર ગમે તે વર્ણનું હોય તો પણ ચક્ષુનો વર્ણ તો જુદો જ હોવો જોઇએ. કોઈ પણ જીવન્ત પ્રાણીને આપણે જોઈશું તો આપણને અવશ્ય જણાશે કે, તેના શરીરના રંગ કરતાં ચક્ષુનો રંગ ભિન્ન જ હોય છે. આનો અર્થ એ નથી કે એ ભિન્ન રંગનાં ચક્ષુ ચાંદી, હીરા કે પુખરાજ વગેરેનાં હોવાં જોઇએ. વાત મુખ્ય એ જ છે કે મૂળ શરીરના વર્ણ કરતાં ચક્ષુનો વર્ણ જુદો હોવો જોઇએ! આમ હોવા છતાં દિગંબરોને પ્રભુ–પ્રતિમાને ચક્ષુ લગાડવાનું નથી રુચતું એનું કારણ એ છે કે–જેમ મુનિરાજને કોઇ પણ પ્રકારનો બાહ્ય પરિગ્રહ હોવો એનું નામ સંગ ગણીને તેમણે સાધુને માટે વસ્ત્રપાત્રાદિનો સર્વથા નિષેધ કર્યો અને તેથી યુક્ત જે હોય તે સાધુ ન કહેવાય એમ માન્યું તેમ જિને-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્વરની પ્રતિમાને પણ કોઈ પણ પ્રકારનો સંગ ન હોવો જોઈએ એમ તેમને માનવું પડયું.

## શાસ્ત્રોની મર્યાદા :

આ પ્રસંગે એ વાત યાદ રાખવી જોઈએ કે શ્વેતાંબરોને કોઇ પણ વસ્તુનું વિધાન કે નિષેધ કરતી વખતે સૌથી પહેલાં પોતાના જિનભાષિત આગમો તરફ ધ્યાન આપવું પડે છે. અને તેથી કોઇ પણ પ્રકારની મનગમતી કલ્પનાની પ્રરૂપણા તેઓ કરી શકતા નથી. જ્યારે બીજી તરફ દિગંબરોએ જિનભાષિત આગમોનો સર્વથા નાશ થયેલો માનવાથી કોઇ પણ વાતની ગમે તેવી પ્રરૂપણા કરવામાં તેમને કોઈનું પણ નિયંત્રણ સ્વીકારવું પડતું નથી. એટલે તેઓ મનફાવી કલ્પનાને જાહેર કરી શકે છે. પરંપરાથી ચાલી આવતી પેઢીવાળાને પોતાના જુના ચોપડા ધ્યાનમાં રાખીને જ વ્યવહાર કરવો પડે છે જ્યારે નવી પેઢી ચલાવનારને તો તેમ કરવું પડતું નથી, એ દરેકના રોજના અનુભવની વાત છે.

## તીર્થંકર દેવો અને દેવદુષ્ય :

બધાય તીર્થંકરદેવો, ઇંદ્ર મહારાજે પોતાના ખભા ઉપર નાખેલા દેવદૂષ્ય સાથે જ દીક્ષિત થાય છે; એટલું જ નહીં પણ ચરમ તીર્થંકર ભગવાન્ મહાવીરસ્વામીના દેવદૂષ્ય સંબંધી તો સ્પષ્ટ શબ્દોમાં ઘણો લાંબો ઉલ્લેખ મળે છે. ભગવાન્ મહાવીરસ્વામીને દીક્ષા લીધાને થોડો સમય થયો તેટલામાં ભગવાને એ દેવદૂષ્યનો અડધો ભાગ સોમ નામના બ્રાહ્મણને આપ્યો હતો અને બાકીનો અડધો ભાગ તેર માસ જેટલા વખત પછી કાંટામાં ભરાઇને પડી ગયો હતો. એ બન્ને કકડાને તુન્નવાયે એવી રીતે સાંધી દીધા કે એ આખા દેવદૂષ્ય જેવું લાગવા લાગ્યું. તે દેવદૂષ્ય તે બ્રાહ્મણે ભગવાન્ મહાવીરદેવના મોટા ભાઈ નંદીવર્ધનને આપ્યું, અને એના બદલામાં એ બ્રાહ્મણને સો સોનેયા મળ્યા. દેવદૂષ્ય સંબંધી શાસ્ત્રોમાં આટલું સ્પષ્ટ વિધાન હોવા છતાં દિગંબરોએ પોતાની મનઃકલ્પના પ્રમાણે જાહેર કર્યું કે "બધા તીર્થંકરો નગ્નપણે જ દીક્ષિત થાય છે, અને અમારા સાધુઓ એ તીર્થંકર મહારાજાઓના ઉપાસક હોવાથી નગ્નપણે જ રહે છે." આ વાતની પ્રરૂપણા કરવામાં પણ દિગંબરોએ માનીલીધેલ સંગત્યાગની ખોટી ધૂન જ કારણભૂત છે.

આ સંગત્યાગની ધૂનમાં તેઓ તો એમ પણ માનવા અને બોલવા લાગ્યા કે "અમે તો જિનેશ્વર મહારાજના વીતરાગપણાની પૂજા કરીએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છીએ." પણ આમ બોલતાં પોતે वदतो व्याघात દોષના ભોગ બની ગયા તેનું તેમને ધ્યાન ન રહ્યું. તેઓ જેને પોતાનાં શાસ્ત્રો માને છે તેમાં જ ઠેકાણે ઠેકાણે લખેલ પ્રભુ-પ્રતિમાની પખાલ, પૂજા આદિની વિધિને શું તેઓ નથી કરતા ?

## જિનકલ્પ અને સ્થવિરકલ્પ :

આ પ્રસંગે એ જાણવું જરૂરી છે કે-જિનકલ્પ આદિને અંગીકાર કરનારા પણ બધાય અચેલક જ હતા એવો નિયમ ન્હોતો. કેટલાક લોકો ભદ્રિક જીવોને ઉલટું સમજાવવા માટે કહે છે કે શ્વેતાંબરનો પંથ તે સ્થવિરકલ્પિયોનો માર્ગ અને દિગંબરોનો પંથ તે જિનકલ્પિયોનો માર્ગ. પણ તત્ત્વદષ્ટિએ વિચાર કરતાં કહેવું પડે છે કે આ કથન બીલકુલ સત્યથી વેગળું છે. શ્વેતાંબરોમાં સ્થવિરકલ્પ અને જિનકલ્પ એમ બન્ને પ્રકારના કલ્પો છે. અને દિગંબરોમાં તો ન તો સ્થવિરકલ્પ મળે છે કે ન તો જિનકલ્પ મળે છે. ચોલપટ્ટ આદિ ઉપકરણો નહીં રાખવાના લીધે તેઓ સ્થવિરકલ્પની મર્યાદાને સ્વીકારતા નથી એ તો સુસ્પષ્ટ છે, પણ સાથે સાથે જિનકલ્પની મર્યાદા પણ તેઓમાં નથી મળતી. પ્રથમ તો જિનકલ્પની કોઇ પણ મર્યાદા એવી નથી કે જે સંયમ-પાલનના સહાયક રજોહરણ અને મુહપત્તિ રાખવાનો ઇન્કાર કરતી હોય. વળી સામાન્ય બુદ્ધિવાળો માણસ પણ સમજી શકે એમ છે "કલ્પ" શબ્દની આગળ લગાડવામાં આવેલ "જિન" શબ્દથી એ સ્વતઃ સિદ્ધ થઇ જાય છે કે બીજો પણ કોઇ કલ્પ હોવો જોઇએ. અને તે બીજો કલ્પ તે સ્થવિરકલ્પ. આ પ્રમાણે કલ્પના બે ભેદ પાડવામાં આવ્યા છે, એથી સ્પષ્ટ થાય છે કે જિનકલ્પનો આચાર ઉત્કૃષ્ટ હોવો જોઇએ જ્યારે સ્થવિરકલ્પનો આચાર એટલો બધો ઉત્કૃષ્ટ ન હોઇ શકે; અને તેથી સ્થવિરકલ્પમાં તૈયાર થયેલો જ જિનકલ્પનું પાલન કરી શકે. એટલે આ પ્રમાણે જે સ્થવિરકલ્પને માનતો હોય તે જ જિનકલ્પને માની શકે. સ્થવિરકલ્પની અવગણના કરીને જિનકલ્પની આરાધના ન થઇ શકે ! છેલ્લી પરીક્ષા પાસ કરવા ચાહનારે પહેલી બધી પરીક્ષાઓ પાસ કરવી જોઇએ એ સાવ સાદી સમજમાં ઉતરી શકે એવી વાત છે. બીજા પગથીએ ચડ્યા સિવાય સાતમા પગથિયે કોઇ પહોંચવાનો દાવો કરે ખરું ?

વળી શાસ્ત્રોના પ્રતિપાદન પ્રમાણે તો આ દિગંબર સંપ્રદાયની ઉત્પત્તિના પાંચ સૈકાઓ પહેલાંથી જિનકલ્પનો વિચ્છેદ થઇ ગયો હતો. શાસ્ત્રમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બતાવવામાં આવેલ તે તે ક્ષેત્રને આશ્રીને; તે તે કાળ વિશેષમાં તે તે વસ્તુ વિશેષના વિચ્છેદનો એ અર્થ નથી કે એ વસ્તુ ઉત્પન્ન થતી હોવા છતાં શાસ્ત્રકારો હઠાત્ તેનો નિષેધ કરે છે અથવા એને સ્વીકારતા નથી, ખરી વાત એ છે કે અમુક કાળમાં અમુક વસ્તુની ઉત્પત્તિની કોઈ પણ રીતે સંભાવના જ ન હોય એટલે શાસ્ત્રકારો તે કાળમાં તે વસ્તુનો વિચ્છેદ બતાવે છે. એક વંધ્યા ગણાતી સ્ત્રીને પુત્ર ઉત્પન્ન ન જ થાય એમ અથવા તેને પુત્ર ઉત્પન્ન થાય તો પણ તેને પુત્ર તરીકે ન માનવો એમ કોઇની પણ ઇચ્છા નથી હોતી. પણ એ સ્ત્રીનો સ્વયંભૂ સ્વભાવ જ એવો હોય છે કે જેથી તેને સંતાનની પ્રાપ્તિ અસંભવ થાય છે. શાસ્ત્રોમાં વર્ણવવામાં આવેલા અમુક કાળ કે ક્ષેત્રને આશ્રીને અમુક વસ્તુના વિચ્છેદો પણ આવા સ્વભાવજન્ય કારણો ઉપર જ અવલંબિત છે. ક્ષેત્ર અને કાળબળના પરિણામે જિનકલ્પનો પણ અંતિમ કેવળી શ્રી જંબૂસ્વામી પછી વિચ્છેદ થઈ ગયો છે એ વાત શ્રી વિશેષાવશ્યક ભાષ્યકાર સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે. છતાં એ જિનકલ્પનું પાલન કરવાનો દાવો કરતા દિગંબર ભાઈઓ ખરેખર ભૂલ ખાય છે. જિનકલ્પના અંગે સૌથી પ્રથમ એ ધ્યાનમાં રાખવું જોઇએ કે જિનકલ્પના પાલન માટે વજ્રઋષભનારાચ સંઘયણ જોઈએ. એ સંઘયણ ભગવાન સ્થૂલભદ્રજીથી આગળ ચાલ્યું નથી એટલે શિવભૂતિજીના સમયમાં એ સંઘયણ ન હતું. વળી જિનકલ્પ લેનારને ઓછામાં ઓછું નવમા પૂર્વની ત્રીજી વસ્તુ સુધીનું જ્ઞાન હોવું જ જોઈએ, અને શિવભૂતિજીના વખતમાં તો તેમાંનું કશુંય ન હતું. છ માસ સુધી આહાર ન મળે અને તેથી છ માસ સુધી ઉપવાસ કરવા પડે છતાં સંયમ વ્યાપારમાં જરા પણ ખામી ન આવે એટલી શક્તિ જિનકલ્પના પાળનારમાં હોવી જોઈએ. આ શક્તિ પણ શિવભૂતિજીના વખતમાં ક્યાં હતી? આ ઉપરાંત સ્થંડિલ વગેરેની પણ અનેક આકરી મર્યાદાઓ પાળવાની શક્તિ હોવી, જિનકલ્પવી માટે, અનિવાર્ય છે. આવી મોટી શક્તિવાળો જિનકલ્પનો આરાધક કદાચ નિર્વસ્ત્ર પણ થાય! પણ એ નિવસ્ત્રપણાનો અર્થ એ નથી કે એ મુહપત્તિ અને રજોહરણ જેવાં સંયમનાં સાધનો પણ ન રાખે!

આ પ્રમાણે જિનકલ્પના આચાર માટેની વિશિષ્ટ યોગ્યતાઓનો શિવભૂતિજીના સમયમાં વિચ્છેદ થઇ ગયો હતો એટલે દિગંબરો જિનકલ્પના પાલક હોવાનો દાવો કરે એ કોઇ રીતે માન્ય થઇ શકે નહીં.

(અપૂર્ણ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભુ શ્રી મહાવીરનું તત્ત્વજ્ઞાન

લેખક—**આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરિજી.**

**આ** પરિવર્તનશીલ સંસાર અતિ જડતાના કારણે સુપ્ત દશામાં પડેલાં પ્રાણીઓને ભલે ભયપ્રદ લાગતો ન હોય, પરંતુ થોડી પણ જાગૃત દશાને અનુભવી રહેલા પ્રાણિઓને મન એ અતિ કારમો લાગે છે. નરક નિગોદમાં અનંતીવાર અસહ્ય દુઃખો પામ્યાં છતાં, તીર્યંચગતિમાં દુઃખપ્રધાન જીવન જીવવાં છતાં, માનવયોનિના ત્રિવિધ તાપથી ખૂબ તપ્યા છતાં અને દેવતાના ભવમાં પણ ઇર્ષ્યાથી સંતપ્ત જીવન જીવવા છતાં પણ સુખદુઃખના કારણરૂપ કર્મની જડને જડથી ઉખેડવા માટે અને રત્નત્રયીનું સુંદર સાધન મેળવવા માટે કોશિશ કરવામાં આવતી નથી, એ ખરેખર, ખેદનો વિષય છે.

અતિ દુઃખમય સંસારથી બચાવનાર, અનંત ઉપકારી મહાવીર મહારાજના કથન કરેલા તત્ત્વજ્ઞાનની સમ્યક્ પ્રકારે શ્રદ્ધા થવાથી અમુક કાલે પણ યથાખ્યાતચારિત્ર અવશ્ય મળે છે, કે જે વડે અનંતા તર્યાં, અનંતા તરશે અને સંખ્યાબંધ તરી રહ્યાં છે. મહાવીરવિભુનું તત્ત્વજ્ઞાન, તે અનંત જિનવરોનું તત્ત્વજ્ઞાન છે. અનંત પુણ્યરાશિના ઉદયે આવા તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

**બૌદ્ધદર્શનની માન્યતા :**

બૌદ્ધો અક્રિયાવાદી છે, તેથી ત્યાં મોક્ષનું દ્વાર બંધ છે, તેમ તે દ્વાર સુધી પહોંચવાનો માર્ગ પણ તે લોકો નથી જાણતા. માત્ર દ્રવ્ય પ્રાણીદયાના ઉત્કર્ષથી જગતમાં તેમની વિશેષ ખ્યાતિ તેમજ વૃદ્ધિ દેખાય છે. પણ ભાવ દયામાં તેઓ બહુ જ પછાત છે, તે તો તેમના અનુયાયીઓ માંસભક્ષણ જેવા નીચ કાર્યને કરી રહ્યા છે, તેથી પણ જગજાહેર છે. તેઓ માને છે કે "**क्षणिकाः सर्वसंस्काराः अस्थितानां कुतः क्रिया**" સર્વ જગતના પદાર્થ ક્ષણમાં પેદા થઈ ક્ષણમાં નાશ થનારા છે, એટલે અસ્થિર વસ્તુમાં ક્રિયા સંભવતી નથી. પદાર્થને એકાંત ક્ષણિક માનવાથી અકૃતાગમ અને કૃતનાશ એટલે વિના કરે કર્મનું આવવું અને કરેલનો વિના ભોગવે નાશ; યાને જે પહેલા ક્ષણે કાંઈ પણ કર્યું, તે ક્ષણ કરીને જ નાશ પામ્યો, અને તેનું પરિણામ તેના પછીના ક્ષણને સહવું પડ્યું. તેને માટે અકૃતાગમ ( વિના કરે આગમન, ) અને પ્રથમનો ક્ષણ કરીને વિના ભોગવે નાશ થયો, એટલે કૃતનાશ ( કરેલ કર્મનો વિના ભોગવે નાશ થયો, ) આ બે જબ્બર દૂષણો બૌદ્ધમતમાં આવી પડે છે. જો કે આ ઠેકાણે સંતાનની કલ્પના કરી, સ્વ મતને કાયમ રાખવા બૌદ્ધોએ આડ કરી છે; પરંતુ તે આડ પણ, વસ્તુસ્વરૂપે કબૂલે તો **यत् सत् तत् क्षणिकं** એ ન્યાયે નષ્ટ થઈ જાય છે, અને અવસ્તુરૂપે કાર્યકર થઈ શકતી નથી. જેઓ કહે છે કે, "**यथा यथाऽर्थाश्चिन्त्यन्ते, विविच्यन्ते तथा तथा। यद्येतत् स्वयमर्थेभ्यो रोचते तत्र के वयं**" જેમ જેમ પદાર્થનો વિચાર કરીએ છીએ, તેમ તેમ પદાર્થ સ્વયં દૂર ભાગતા જાય છે, અર્થાત–દુનિયાની આંખે દેખાતા પદાર્થો સિદ્ધ થઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકતા નથી ( જુદા છે, ) અને જો પદાર્થોને સ્વયં પોતાની સિદ્ધિ ગમતી નથી, તો ત્યાં અમે કોણ? આમ કહેનારા બૌદ્ધો ચાર્વાકના સગા ભાઈ છે. ભૂત ક્ષણ અને અનાગત ક્ષણના સંબંધ વગરનો વર્તમાન ક્ષણ હોવાથી, કોઈ ક્રિયા થઈ શક્તિ નથી, અને ક્રિયાવગર કર્મ બની શકતું નથી, તો પછી ધર્મ જેવી અગત્યવાળી વસ્તુ જરૂર જ ઉડી જાય છે, અને જ્યાંથી ધર્મ પલાયન થાય તે મતને ધર્મીમત કોણ કહે?

વળી "अनुपप्लवा चित्संततिरपवर्गः" અર્થાત્ રાગદ્વેષ રહિત જ્ઞાનની સંતતિ (શ્રેણી)ને મોક્ષ બતાવે છે, તે જ્ઞાનની સંતતિ પણ નિરાધાર સિદ્ધ થઈ શકતી નથી.

**સાંખ્યદર્શનની માન્યતા :**

સાંખ્યમતવાળાઓ પણ આત્માને અક્રિય માને છે એટલે બંધ મોક્ષની વ્યવસ્થા કાયમ રહી શકતી નથી. અક્રિય આત્મા બંધાતો નથી, તો પછી બંધ સિવાય મોક્ષનું ઉચ્ચારણ પણ વ્યર્થ છે; અને જે ધર્મમાં મોક્ષની વ્યવસ્થા નથી, તે ધર્મને શાસન કરવાનો પણ હક્ક નથી; કારણકે શાસન, સંસારથી અતિરિક્ત મુક્તિ પદાર્થની પ્રાપ્તિ માટે જ છે, અને તે વસ્તુ જ્યારે સિદ્ધ નથી થતી, તો પછી ત્યાગ વૈરાગ્યનું શાસન નકામું ઠરે છે. વળી તેઓ, "प्रकृतिः तद्विकारोपधानविलये पुरुषस्य स्वरूपेणावस्थानं मुक्तिः" એવી રીતે મુક્તિનું નિરૂપણ કરે છે, તે સિદ્ધ થઈ શકતું નથી, કારણ કે પ્રકૃતિ અને તેના વિકારનું સમ્મિલન હોવા છતાં આત્મા કમલવત્ નિર્લેપ છે, અને અક્રિય છે તે કોઈ પણ પ્રકારે મુક્તિ મેળવે એમ બની શકે નહી, અને એનું સ્વરૂપાવસ્થાન છે તો શરૂથી જ છે, અને નથી તો હંમેશના માટે નથી.

**નૈયાયિકદર્શનની માન્યતા :**

ન્યાયદર્શનવાળાઓએ કહેલાં તત્ત્વો પણ તત્ત્વદષ્ટિથી વિચારતાં ઘટી શકતાં નથી. તેઓ માને છે કે, १ प्रमाण, २ प्रमेय, ३ संशय, ४ प्रयोजन, ५ दृष्टांन्त, ६ सिद्धान्त, ७ अवयव, ८ तर्क, ९ निर्णय, १० वाद, ११ जल्प, १२ वितण्डां, १३ हेत्वाभास, १४ छल, १५ जाति, १६ निग्रहस्थानानि षोडश पदार्थाः એ સોળ પદાર્થ છે. પહેલો પદાર્થ પ્રમાણ છે. જેના વડે હેયથી નિવૃત્તિ અને ઉપાદેયમાં પ્રવૃત્તિરૂપ અર્થ પરિચ્છેદ થઇ શકે તેને પ્રમાણ કહે છે, અને તેના પ્રત્યક્ષ, અનુમાન ઉપમાન, અને આગમ, એમ ચાર ભેદ છે. તેમાં પ્રત્યક્ષનું લક્ષણઃ— इन्द्रियार्थसन्निकर्षोत्पन्नं ज्ञानमव्यपदेश्यमव्यभिचारि व्यवसायात्मकं प्रत्यक्षम्' અર્થાત્, ઇંદ્રિયો અને અર્થોના સંબંધથી પેદા થયેલ, (જ્ઞાનનો આવિર્ભાવ માનવો ઠીક છે.) અવ્યપદેશ્ય-(શાબ્દ પ્રમાણ ન થઈ જાય માટે આ વિશેષણ છે.) નિર્વિકલ્પક, વ્યભિચાર વિનાનું, નિશ્ચયાત્મક પ્રત્યક્ષ જ્ઞાન કહેવાય છે. નૈયાયિકોનું ઉપર્યુક્ત લક્ષણવાળું પ્રત્યક્ષ પ્રમાણ અનુમાનમાં મળે છે, કારણકે, "यत्रात्मार्थग्रहणं प्रति साक्षात् व्याप्रियते तदेव प्रत्यक्षम्" જે ઠેકાણે સાક્ષાત્ આત્માનો જ વ્યાપાર હોય, અને ઇન્દ્રિયોની જરૂર ન પડે તે જ પ્રત્યક્ષ કહેવાય. તેવાં પ્રત્યક્ષ અવધિ, મનઃપર્યાય અને કેવળજ્ઞાન છે. માટે નૈયાયિકકથિત ઇન્દ્રિય અને પદાર્થના સંયોગે ઉત્પન્ન થતું જ્ઞાન, વાસ્તવિક પ્રત્યક્ષ છે જ નહિ, કિન્તુ અનુમાન જેમ ધૂમાદિ સાધનદ્વારા થઇ શકે છે, તેમ તેમાં ઇન્દ્રિયના સાધનની જરૂરત પડે છે, માટે તે પરોક્ષ જ્ઞાન છે. ઉપચારથી ભલે પ્રત્યક્ષ કહો, પરંતુ ઉપચાર તત્ત્વદષ્ટિ આગળ ટકી ન શકે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુમાનના પૂર્વવત, શેષવત્ અને સામાન્યતોદષ્ટ, એમ ત્રણ ભેદ છે. ત્યાં કારણથી કાર્યનું અનુમાન કરવું, તે પૂર્વવત્ કહેવાય છે, કારણકે હંમેશાં પૂર્વમાં કારણ જ હોય છે, અને પછી જ કાર્ય થાય છે. જેમ સૂત્ર અને વસ્ત્ર બનાવવાની સામગ્રી પહેલાં હોય ત્યારે વસ્ત્ર બનશે, એવું અનુમાન કરવું તે પૂર્વવત્ અનુમાન કહેવાય. કાર્યથી કારણનું અનુમાન થાય તે શેષવત્ અનુમાન કહેવાય છે. જેમ ધૂમરૂપ કાર્યથી અગ્નિનું અનુમાન કરવું. અહીં ધૂમ અગ્નિના શેષ રૂપ છે. એક આંબો મોરવાળો યા ફળવાળો જોઈ સર્વ આંબાઓને મોરવાળા યા ફળવાળા કહેવા, તે સામાન્યતોદષ્ટ અનુમાન છે. અથવા દેવદત્તની ગમન પૂર્વકની સ્થાનાંતરની પ્રાપ્તિને જોઈને સૂર્યની સ્થાનાંતર પ્રાપ્તિ, ગમન પૂર્વક માનવી તે પણ સામાન્યતોદષ્ટ અનુમાન કહેવાય છે. અહીંઆ વિચાર કરતાં લાગશે કે પ્રત્યક્ષ પૂર્વક અનુમાન હોય છે, કેમકે ધૂમ અને અગ્નિનો સંબંધ પ્રત્યક્ષથી ગ્રાહ્ય થયા પછી ધૂમનું પ્રત્યક્ષ જ્ઞાન થાય છે, ત્યારે પરોક્ષ અગ્નિનું અનુમાન થાય છે. એટલે અનુમાનમાં પ્રત્યક્ષની જરૂર રહે છે. ઉપર પ્રમાણે પ્રત્યક્ષનું પ્રામણ્ય નહિ હોવાથી અનુમાનનું પ્રામાણ્ય પણ ટકી શકતું નથી.

પ્રસિદ્ધ સાધર્મ્યથી સાધ્યને સિદ્ધ કરનાર ઉપમાન પ્રમાણ કહેવાય છે. જેમકે **ગોસદશો ગવયઃ**, કોઈ આદમીએ રોઝને નથી જોયું, તેણે જાણકારને પૂછ્યું કે રોઝ કેવું હોય? ત્યારે અનુભવીએ જવાબ આપ્યો, કે ગાયના જેવું. આ વિષય પણ અનુમાનમાં આવી જાય છે એટલે અપ્રમાણ છે. વળી આગમ-શબ્દ પ્રમાણને વિચાર કરીએ, તો તે આપ્તપ્રરૂપિત હોય ત્યારે જ પ્રમાણ થઈ શકે; અને અર્હન સિવાય બીજા કોઈ આપ્ત હોઈ શકતા નથી, તે પ્રસંગે વિચારીશું. એમ ચારે પ્રમાણો ઉડી જાય છે. વળી પ્રમાણ એ જ્ઞાન છે, અને જ્ઞાન આત્માનો ગુણ છે, તેને પૃથક્ પદાર્થ માનશો, તો પછી રૂપ, રસ, ગંધ, સ્પર્શ, વગેરે ગુણોને પણ, જુદા પદાર્થરૂપે માનવા જતાં, પદાર્થની સંખ્યામાં વૃદ્ધિ થશે; એટલે સોળ કાયમ નહિ રહી શકે. કદાચ કહેશો કે અમોએ પ્રમેય નામનો બીજો પદાર્થ માન્યો છે, તેમાં શબ્દ રૂપાદિનું ગ્રહણ થઈ શકશે. બેશક, શબ્દ રૂપાદિનું ગ્રહણ થઇ શકશે, પણ પૃથક્પણે નહિ. દ્રવ્યના ગ્રહણથી તેનું ગ્રહણ છે, જુદું નથી. તેમ પ્રમાણ પદાર્થ, જ્ઞાનાત્મક હોવાથી, આત્માથી જુદો ન હોઈ શકે, એટલે પદાર્થની સંખ્યા તૂટી જાય છે.

હવે બીજો પદાર્થ પ્રમેય નામનો નૈયાયિકો માને છે, તેનો પરામર્શ કરીએ તો તેમાં પણ કેટલી બધી ત્રુટી છે તે સહજ સમજાશે:

प्रमेयं त्वात्मशरीरेन्द्रियार्थबुद्धिमनःप्रवृत्तिदोषप्रेत्यभावफलदुःखापवर्गाः

**અર્થ:** — આત્મા, શરીર, ઇન્દ્રિય, વિષય, બુદ્ધિ, મન, પ્રવૃત્તિ, દોષ, પ્રેત્યભાવ, ફલ, દુઃખ, અને અપવર્ગ, એમ પ્રમેય નામના દ્વિતીય પદાર્થના બાર ભેદો કરે છે. તેમાં આત્મા એ પદાર્થ બરાબર છે. કોઈથી ના કહી શકાય તેમ નથી. કારણકે આત્માને નહિ માનનારની સર્વ બાજી ધૂળમાં મળી જાય છે. ત્યારપછી શરીર અને ઇન્દ્રિયો એ આત્માનાં ભોગાયતન કહેવાય છે. અને ભોક્તવ્ય ( ભોગવવા લાયક. ) ઈંદ્રિયાર્થ ( એટલે ઇંદ્રિયોના વિષયો ) છે. તે પણ જીવની સાથે, બીજો અજીવ પદાર્થ પ્રભુ મહાવીરે કહેલ છે, એટલે તેમાં આવી જાય છે. બુદ્ધિ ઉપયોગનું નામ છે, તે જ્ઞાનરૂપ હોવાથી, આત્માનો ગુણ છે. એટલે જુદો પદાર્થ ન ગણાય. મન, દ્રવ્ય-સ્વરૂપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માનીએ, તો પુદ્ગલમાં આવી જાય, અને ભાવ મન લઈએ, તો આત્મામાં આવી જાય; એટલે તે પણ પૃથક્ ન કહી શકાય. હવે સુખદુઃખ સંવેદનના નિર્વર્તનનું કારણ પ્રવૃત્તિ તે પણ પૃથક્ નથી. કારણકે તે પ્રવૃત્તિ આત્મ-ઇચ્છારૂપ હોવાથી આત્માનો અભિપ્રાય કહેવાય, અને તે આત્માનો ગુણ હોવાથી આત્માથી જુદી ન માની શકાય. "आत्मानं दूषयतीति दोषः" આત્માને દૂષિત કરનાર દોષ કહેવાય, તે રાગ દ્વેષ મોહાદિક સમજવા. તેઓ પણ અશુદ્ધ જીવના પર્યાયો હોવાથી, તેવા જીવથી અભિન્ન છે. એટલે દોષ પદાર્થ જુદો ન હોઈ શકે. પ્રેત્યભાવ નામ પરલોકનું છે. તે પણ જીવાજીવ પદાર્થમાં આવી જાય છે. ફલ, સુખદુઃખ ઉપભોગનું નામ છે. એ પણ અશુદ્ધ જીવનો ગુણ હોવાથી જીવમાં આવી જાય છે. એટલે જુદો પદાર્થ માનવો ઠીક નથી. દુઃખ પણ ફલમાં જ આવી જાય છે. "जन्ममरणप्रबन्धोच्छेदरूपतया सर्वदुःखप्रहाणलक्षणो मोक्षः" અર્થ: — જન્મમરણની શ્રેણીના ઉચ્છેદ પૂર્વક સર્વ દુઃખનો નાશ, જે મોક્ષ માનો છો, તેથી સુંદર રીતે લક્ષણોપેત મોક્ષને અમો પણ માનીએ છીએ. તે પૃથક્ પદાર્થ ગણી શકાય.

હવે સંશય નામના ત્રીજા પદાર્થનું વર્ણન તપાસીએ. 'શું છે?' એવું અનિશ્ચિત જ્ઞાન સંશય કહેવાય. આ પણ નિર્ણય જ્ઞાનની જેમ આત્માનો ગુણ છે. જે કારણે પ્રવૃત્તિ થાય તે પ્રયોજન કહેવાય, તે પણ આત્માની ઇચ્છારૂપ હોવાથી આત્મામાં જ સમાઈ જાય છે. નિર્વિવાદ વિષયનું સ્થાન દૃષ્ટાન્ત કહેવાય, તે પણ જીવાજીવરૂપ એમાં આવી જાય છે, કેમકે એથી ત્રીજી વસ્તુ દુનિયામાં નથી.

સિદ્ધાન્ત નામક પદાર્થના ચાર ભેદ કર્યા છે. ૧. સર્વતન્ત્ર સિદ્ધાન્ત, ૨. પ્રતિતન્ત્ર સિદ્ધાન્ત, ૩. અધિકરણ સિદ્ધાન્ત અને ૪. અભ્યુપગમ સિદ્ધાન્ત. તેમાં સર્વ શાસ્ત્રથી અવિરુદ્ધ અર્થનો શાસ્ત્રમાં ઉલ્લેખ હોય તે સર્વતન્ત્ર સિદ્ધાન્ત કહેવાય છે. જેમ સ્પર્શેન્દ્રિય આદિ પાંચ ઇન્દ્રિયોનાં નામ, સ્પર્શ, રૂપ, આદિ પાંચ વિષયોનાં નામ, અને પ્રમાણથી જ પ્રમેયનું ગ્રહણ થવું ઇત્યાદિ સર્વતન્ત્ર સિદ્ધાન્ત છે. પ્રતિતન્ત્ર સિદ્ધાન્ત, જેમકે, સાંખ્યો માને છે કે અસત્ વસ્તુની ઉત્પત્તિ નથી, અને સત્ વસ્તુનો નાશ નથી, "नासतो जायते भावो नाभावो जायते सतः" એ પ્રતિતન્ત્ર સિદ્ધાન્ત કહેવાય. "यत्सिद्धावन्यस्यार्थस्यानुषङ्गेण सिद्धिः सोधिकरणसिद्धान्तः" જેની સિદ્ધિ થવાથી તેના સંબંધી બીજા પદાર્થોની સિદ્ધિ થાય તે અધિકરણ સિદ્ધાન્ત કહેવાય, જેમકે ઇન્દ્રિયોથી જુદો આત્મા જ્ઞાતા છે, જોએલી, સ્પર્શેલી, સુંઘેલી, સાંભળેલી અને રસથી અનુભવેલી ચીજોનું સ્મરણ કરનાર આત્મા સિવાય, ઇંદ્રિયો સિદ્ધ થઈ શકતી નથી. આ ઠેકાણે અર્થો, વિષયો, અનેક ઇંદ્રિયો, તેઓની નિયત વિષયતા, સ્વવિષયગ્રહણલિંગ, જાણનારના જ્ઞાનનાં સાધન, સ્પર્શ આદિથી જુદું તેઓનું આધારભૂત દ્રવ્ય, ગુણાધિકરણ અને અનિયત વિષયક ચેતના એટલા પદાર્થો આનુસંગિક સિદ્ધ થાય છે આનું નામ અધિકરણ સિદ્ધાન્ત છે. "अपरीक्षितार्थाभ्युपगमात्तद्विशेषपरीक्षणमभ्युपगमसिद्धान्तः"

અર્થાત્ — અપરીક્ષિત અર્થનો સ્વીકાર કરી, તેની વિશેષ પરીક્ષા કરવી, તેનું નામ અભ્યુપગમસિદ્ધાન્ત કહેવાય. એમ ચાર પ્રકારના સિદ્ધાન્તો જ્ઞાનમાં આવી જાય છે, અને જ્ઞાન આત્માનો ગુણ હોવાથી, તે સિદ્ધાન્ત આત્માથી જુદા પદાર્થરૂપ સિદ્ધ થઈ શકતો નથી.

(અપૂર્ણ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મંખલિપુત્ર ગોશાલ*

લેખક—
**મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી**

**અ**ઢી હજાર વર્ષ ઉપરની વાત છે. જે વખતે ભારતવર્ષમાં યજ્ઞ–યાગાદિ નિમિત્તે પશુહિંસાનો ઘોર આતંક ફેલાયો હતો, જે વખતે અજ્ઞાનજન્ય રૂઢીઓએ પોતાનું સામ્રાજ્ય ફેલાવ્યું હતું, જે વખતે સ્વાર્થી ઉપદેશકોની વાક્જાળમાં ભદ્રિક જીવો ફસાઈ રહ્યા હતા, તે વખતે જૈનોના અંતિમ તીર્થંકર ભગવાન્ **મહાવીર** અને મહાત્મા **બુદ્ધે** અહિંસાનો સંદેશ ઘેરઘેર પહોંચાડવાનો પ્રબળ પુરૂષાર્થ કર્યો હતો. સાચો ધર્મ કયો હોઈ શકે ? તેમજ અહિંસા, સંયમ અને તપ એ જ ધર્મનું સાચું સ્વરૂપ છે, એ વાતનું ભગવાન્ મહાવીરસ્વામીએ ન કેવળ પ્રતિપાદન જ કર્યું—બલ્કે બાર વર્ષ સુધી ઘોર તપસ્યા કરીને, પોતાના જીવનની સાથે એનો સાક્ષાત્કાર કરીને, જનતાને બતાવી પણ આપ્યું હતું.

આ વખતે બીજા પણ કેટલાક ધર્મોપદેશકો ભારતવર્ષમાં વિચરતા હતા. જેનો ઉલ્લેખ બૌદ્ધોના **પિટકગ્રંથોમાં** ઠેકાણે ઠેકાણે પ્રાપ્ત થાય છે. **પૂરણ કાશ્યપ, મંખલિ ગોશાલ, અજિત કેશકંબલ, કકૂદકાત્યાયન** અને **સંજયવેલસ્થિ પુત્ર;** આ પાંચ **ધર્મોપદેશકોનાં**[1] નામ વિશેષ રીતે ઉલ્લિખિત છે. આમાં **મંખલિ ગોશાલનું** પણ

---

* 'શારદા અભિનંદન ગ્રંથ' માટે લખેલા હિંદી લેખનો અનુવાદ. લેખક

૧. બૌદ્ધગ્રંથોમાં **પૂરણ કાશ્યપ, મંખલિ ગોશાલ, અજિતકેશકંબલ, કકૂદકાત્યાયન, સંજયવેલાષ્ટપુત્ર** અને **નિર્ગ્રંથ જ્ઞાતપુત્ર** (ભ. મહાવીર) આ છનાં નામ ઠેકાણે ઠેકાણે આવે છે. આ છને બુદ્ધે પોતાના વિરોધી, પાખંડી અને જુઠી પ્રરૂપણા કરવાવાળા સમજ્યા હતા. આમાંથી કોઈ પણ એકના નામનો જ્યાં ક્યાંય ઉલ્લેખ કરવાનો પ્રસંગ આવ્યો, ત્યાં પ્રાયઃ છનાંયે નામોનો ઉલ્લેખ કર્યો છે. અને તે બધાં સ્થાનોમાં, તેઓની અપકૃષ્ટતા અને પોતાની ઉત્કૃષ્ટતા બતાવવાના ઉદ્દેશ સિવાય બીજો કોઈ ઉદ્દેશ જોવામાં નથી આવતો. જૂઓ :

(૧) **બુદ્ધચર્યા** (રાહુલ સાંકૃત્યાયન લિખિત) નાં આ પ્રકરણો :

| | |
|---|---|
| ૧. દિવ્ય શક્તિ પ્રદર્શન | પૃ. ૮૨ |
| ૨. છ શાસ્તાઓની સર્વજ્ઞતા | ,, ૯૧–૯૨ |
| ૩. મહાસકુલુદાયિ-સુત્ત | ,, ૨૬૬ |
| ૪. **સામઞ્ઞફલ-સુત્ત** | ,, ૪૬૦–૪૬૩ |
| ૫. પાવામાં | ,, ૫૪૦ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નામ છે. આ લેખમાં '**મંખલિ ગોશાલ**'નો પરિચય પાઠકોને કરાવવો, એ ઉદ્દેશ્ય રાખવામાં આવ્યો છે.

'**મંખલિ ગોશાલ**' જૈનોમાં '**ગોશાળો**'ના નામથી ખૂબ પ્રસિદ્ધ છે. આજે કોઈ સાધુ પોતાના ગુરુની વિરુદ્ધ થઈને નીકળી જાય, અને ગુરુની નિંદા કરતો હોય, તો કહેવાય છે કે, '**આ તો ગોશાળો નીકળ્યો.**' આવી લોકોક્તિ પ્રચલિત થવાનું ખાસ કારણ છે. '**મંખલિ ગોશાળ**' ભગવાન્ **મહાવીરસ્વામી**નો ખાસ શિષ્ય બન્યો હતો. પછીથી તે ભગવાન્ મહાવીરસ્વામીથી વિરુદ્ધ થઈને નીકળી ગયો હતો. અને ભ. મહાવીરના સિદ્ધાન્તોથી વિરુદ્ધ સિદ્ધાન્તોને પ્રકાશિત કરવા લાગ્યો હતો એટલું જ નહિં પરંતુ ભગવાન્ **મહાવીર** અને તેમના ભક્ત શિષ્યોને તકલીફ આપવાનું પણ દુસ્સાહસ

---

(૨) **મજ્ઝિમનિકાય** (રાહુલ સાંકૃત્યાયન અનુવાદિત) પૃ. ૧૨૪-૧૪૭

ઉપર્યુક્ત ઉલ્લેખોમાં આ છનાં નામ આ પ્રમાણે લખવામાં આવ્યાં છેઃ

"पूर्णकाश्यप, मक्खली (= मस्करी गोशाल), निगंठ नाठ-पुत्त (निर्ग्रंथ ज्ञातपुत्र), संजय-वेलट्ठिपुत्त, प्रकुद्ध कात्यायन, अजितकेशकम्बली।"

બૌદ્ધ ગ્રંથોમાં આ છ ધર્મપ્રચારકોનાં નામ માત્ર જ નથી આપ્યાં, પરન્તુ તેમનો વ્યક્તિ-પરિચય અને મત-પરિચય પણ કોઈ કોઈ સ્થળે આપ્યો છે.

એમાં કંઈ શક નથી કે, આ છએ ધર્મપ્રચારકો હતા. અને તેઓ કોઈ ને કોઈ પ્રકારના સિદ્ધાન્તોનો પ્રચાર કરતા હતા, પરન્તુ તેની આલોચના કરવાનું આ સ્થાન નથી. અહીં કેવળ એટલું જ બતાવવાનું છે કે ગોશાલક, આ છ ધર્મપ્રચારકો પૈકીનો એક હતો, જેનો ઉલ્લેખ બૌદ્ધ શાસ્ત્રોમાં પણ વિશેષરૂપે પ્રાપ્ત થાય છે.

**જૈન સૂત્રોમાં ગોશાલક** સિવાય, બાકીના ધર્મોપદેશકોનાં નામો નથી જોવામાં આવતાં. તેમ વર્તમાન સમયમાં, જેવી રીતે શ્રમણ નિર્ગ્રંથ જ્ઞાતપુત્ર ભ. **મહાવીર**નો ધર્મ અને **બુદ્ધ** પ્રકાશિત ધર્મ પ્રચલિત છે તેમ બાકીના પાંચ પ્રચારકોનો કોઈ ધર્મ પ્રચલિત હોય, એવું જાહેરમાં જોવામાં નથી આવતું.

બંગાલના પ્રાચ્યવિદ્યામહાર્ણવ, **શ્રી નગેન્દ્રનાથ વસુ** સંકલિત બંગાલી '**વિશ્વકોશ**' માં પણ ઉપર્યુક્ત ધર્મપ્રચારકોના સંબંધમાં નિમ્નલિખિત ઉલ્લેખ મળે છેઃ

"बौद्धधर्मशास्त्रे इहादिगके पाखण्ड आख्या प्रदान करा हइया छे। कारण बुद्धदेवेर मतेर संगे इहादेर काहारओ मतेर मिल छिल ना। इहादेर मध्ये ज्ञातपुत्र निर्ग्रन्थ महावीर प्रवर्तित धर्म भारतवर्षे इखनओ बहु संख्यक नरनारीर मध्ये प्रचलित आछे! मस्करी गोशाल आजीविक संप्रदायेर प्रवर्तक। ए संप्रदायेर ओ अस्तित्व भारतवर्षे अनेकदिन पर्यन्त छिल।" पृ. ४२४

પોતાના મતથી જે સહમત ન હોય, તે બધાઓને 'પાખંડ' કહેવું, એ નિતાન્ત ભૂલ છે. જે ભગવાન મહાવીરના જૈનધર્મને બૌદ્ધ ગ્રંથોમાં '**પાખંડ ધર્મ**' બતાવ્યો છે, તે ધર્મને આજ જગતના પ્રસિદ્ધ વિદ્વાનો **આસ્તિક, સાચો, પ્રાચીન, પવિત્ર, વૈજ્ઞાનિક** અને બિલકુલ **સ્વતંત્ર ધર્મ** બતાવે છે. આવી રીતે યદિ એક બીજાને 'પાખંડ' બતાવવામાં આવે, તો આજ સંસારનો એક પણ ધર્મ, વિના પાખંડનો નહીં રહી શકે, કારણ કે એકબીજાની અપેક્ષાએ બધાએ **પાખંડ** ઠરશે.

For Private And Personal Use Only

કરતો હતો. એ જ કારણ છે કે ગોશાળાને ભગવાન્ "**મહાવીર સ્વામીનો શિષ્યાભાસ** કહેવામાં આવે છે.

**ગોશાળક** અને તેના **આજીવિકમત**નો પરિચય **જૈનો**ના **ઉવાસગદસાઓ** અને **ભગવતી સૂત્ર**માં આધિક્યથી પ્રાપ્ત થાય છે, તે પણ ટીકામાં નહિ, મૂળમાં. તેના આધારે 'મંખલિ ગોશાળ' નો પરિચય અહીં પાઠકોને સંક્ષેપથી કરાવવામાં આવે છેઃ

**પરિચય**:

**ગોશાળા**નો પિતા **મંખ**[2] જાતિનો હતો. તેને **ભદ્રા** નામની સ્ત્રી હતી. કોઈ વખતે **ભદ્રા** સગર્ભા થઈ. તે વખતે **સરવણ** ગામમાં **ગોબહુલ** નામક બ્રાહ્મણની

---

૨. મંખલિ ગોશાલ સંબંધી જેવી રીતે જૈનોના **ભગવતીસૂત્ર**માં ઉલ્લેખ આવે છે, તેવી રીતે '**ઉવાસગદસાઓ**'માં પણ આવે છે. બૌદ્ધ ગ્રંથોમાં પણ તેનો ઉલ્લેખ સ્થાન સ્થાન ઉપર આવે છે. આ વાત છ ધર્મપ્રચારકો સંબંધીની નોટમાં જણાવી છે. આ સિવાય આધુનિક યુરોપિયન અને ભારતીય વિદ્વાનોએ પણ '**મંખલિગોશાલ**' અને તેના '**આજીવિકમત**' ઉપર ઘણું લખ્યું છે.

'મંખલિ-ગોશાલ' એમાં બે શબ્દો છે. '**મંખલિ**' અને '**ગોશાળ**' 'મંખલિ' શબ્દના સંબંધમાં વિદ્વાનોમાં મતભેદ છે.

**ભગવતીસૂત્ર**, કે જેમાં ગોશાળાનું વિસ્તૃત જીવનચરિત્ર છે, તેમાં '**મંખલિ**' એ ગોશાળાના પિતાનું નામ બતાવ્યું છે. '**મંખ**' એ એક માંગણવૃત્તિ કરનારી જાતિનું નામ છે. અને તેના ઉપરથી '**મંખલિ**' નામ ગોશાળાના પિતાનું બતાવ્યું છે.

બૌદ્ધગ્રંથ '**દીઘનિકાય**'ની ટીકામાં **બુદ્ધઘોષ**નું કથન છે કે 'મંખલિ' એ ગોશાળાનું જ નામ હતું. અને તે ગોશાળામાં જન્મ્યો હતો, એટલા માટે એનું પ્રસિદ્ધ નામ 'ગોશાલો' પડ્યું.

પ્રસિદ્ધ વિદ્વાન ડૉ **એ. એફ. આર. હોઅર્ન્લે** '**એન્સાઈક્લોપીડિયા ઑફ રિલિજયન્સ એન્ડ એથિક્સ**'ના વૉ. ૧ માં '**મંખલિગોશાળ**'ના '**આજીવિકસંપ્રદાય**' ઉપર એક લેખ લખ્યો હતો તેમાં તેમણે **મંખલિ-મંખાલિ-મસ્કરી** શબ્દ ઉપર ખૂબ પરામર્શ કર્યો છે. અન્તમાં તેમણે પોતાનો અભિપ્રાય પ્રકટ કરતાં લખ્યું છેઃ

"સત્ય, નિઃશંક વાત એ છે કે—'નાયપુત્ત=નાયવંશનો માણસ' (ભ. મહાવીરનું વિશેષણ), એવી જ રીતે 'મંખલિપુત્ત' એ પણ સાધિત શબ્દ (Formation) છે. એ એવું સૂચન કરે છે કે ગોશાલ, મૂળ 'મંખલિ' કિંવા મસ્કરિન્ નામના ભિક્ષુક વર્ગનો મનુષ્ય હતો."

આની પુષ્ટિમાં **ડૉ. હોઅર્નલે** પ્રમાણ આપે છે કેઃ

વિખ્યાત વૈયાકરણ **પાણિની**, પોતાના વ્યાકરણમાં '**મસ્કરિન્**' નામ હોવાનું એ કારણ બતાવે છે કે 'તે લોકો પોતાના હાથમાં 'મસ્કર' (વાંસદંડ) રાખતા હતા. દંડ રાખવાના કારણે તેઓ '**એકદંડિન્**'ના નામથી પ્રસિદ્ધ થતા હતા. '**પતંજલિ** એ '**ભાષ્ય**'માં સમજાવ્યું છે કે 'આવી જાતના પરિવ્રાજક 'મસ્કરિન્' કહેવાતા હતા
'

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક **ગોશાળા** હતી. **મંખલિ** પોતાની સગર્ભા સ્ત્રીની સાથે ગામ ગામ ભ્રમણ કરતો અને ભિક્ષા માંગતો **સરવણ** ગામની આ ગોશાળામાં આવીને રહ્યો હતો. અહીં તેની સ્ત્રીને પુત્ર ઉત્પન્ન થયો. **ગોશાળામાં** ઉત્પન્ન થવાના કારણે તેનું નામ **ગોશાળક** રાખવામાં આવ્યું. ઉમર લાયક થતાં તે પણ પતિત થઈને ભ્રમણ અને ભિક્ષાવૃત્તિ કરવા લાગ્યો.

**ભગવાન મહાવીર અને ગોશાલક :**

કોઈ વખતે ભ. **મહાવીરસ્વામી 'નાલંદા'**થી નીકળીને **રાજગૃહિ**માં **'વિજય'** નામક ગાથાપતિને ત્યાં ભિક્ષા માટે પધાર્યા. ભગવાનને દાન આપવાની ઉત્કૃષ્ટ ભાવનાથી અને ભગવાનને દાન આપવાથી વિજય ગાથાપતિને ત્યાં પાંચ દિવ્ય પ્રગટ થયાં. લોકોમાં આ વાત ફેલાઈ. ભગવાન્ મહાવીરસ્વામીની આ અદ્ભુત પુણ્યપ્રકૃતિથી **ગોશાળો** મુગ્ધ બન્યો. તે ભગવાન્ પાસે ગયો અને કહેવા લાગ્યો:— 'હે ભગવન્; આપ મારા ધર્માચાર્ય છો, અને હું આપનો ધર્મશિષ્ય છું.' ભગવાન્ મહાવીરસ્વામીએ ન આ વાતનો સ્વીકાર કર્યો, ન ઈન્કાર કર્યો. તેઓ મૌન રહ્યા.

**ગોશાલકનો શિષ્યરૂપે સ્વીકાર :**

થોડા સમય પછી, ભગવાન્ મહાવીર ચોથા માસક્ષમણના પારણાને માટે તંતુવાયની શાળામાંથી નીકળીને **નાલંદાની** પાસે **કોલ્લાક** સન્નિવેશમાં **બહુલ** નામના બ્રાહ્મણને ત્યાં ભિક્ષાર્થ પધાર્યા. ગોશાળાએ તંતુવાયની શાળામાં ભગવાન્ મહાવીરને નહિ જોયા. તે રાજગૃહિ ગયો. ત્યાં પણ ભગવાન્ ન મળ્યા. પછી તંતુવાયની શાળામાં પાછા જઈને, પોતાના **'મંખ'** વેષનો ત્યાગ કરી, દાઢી-મુછનું મુંડન કરી તે સાધુ થઈ ગયો. પછી તે **કોલ્લાક** સન્નિવેશમાં ગયો, અને ત્યાં ભગવાન્ મહાવીરસ્વામીને મળ્યો.

---

તેનું કારણ એ છે કે 'તેમણે બધી જાતની પ્રવૃત્તિઓનો ત્યાગ કરવાની પ્રતિજ્ઞા કરી હતી, નહિ કે તેઓ દંડ રાખતા હતા."

—જુઓ : જૈનસાહિત્યસંશોધક, ખં. ૩, અં. ૪. પૃ. ૩૩૭.

ગોશાળો જે વખતે ભગવાન્ મહાવીરનો શિષ્ય બને છે, તે વખતે, પોતાની પાસેની ચીજો બ્રાહ્મણને આપી દે છે. એ ચીજોનાં જે નામો **ભગવતીસૂત્રમાં** બતાવ્યાં છે, તે આ છે:

" साडियाओ य पाडियाओ य कुंडियाओ य वाहणाओ य चित्तफलगं च माहणे आयामेत्ति॥ "

સાટિક ( અંદરનું વસ્ત્ર ), પાટિક ( ઉપરનું વસ્ત્ર ), કુંડી-જૂતાં, અને ચિત્રફલક—ચિત્રપટ, એ બ્રાહ્મણને આપે છે.

આમાં દંડનું નામ નથી. જો આ 'મંખી' લોકો દંડ રાખતા હોત, તો ભગવતી સૂત્રમાં જરૂર તેનો ઉલ્લેખ હોત. એટલા માટે **પતંજલિ**નો અભિપ્રાય ઠીક માલૂમ પડે છે. **ડોકટર હેઅર્ન્લ** ગોશાળાની પ્રકૃતિ-સ્વભાવના સંબંધમાં કહે છે :

" ગોશાળક પ્રકૃતિથી જ, તે પરિવ્રાજકપણાના બહાનાથી સ્વચ્છંદી જીવન વ્યતીત કરવાવાળા-હલકી જાતના મસ્કરિઓમાંનો એક હશે. "

—જુઓ, જૈનસાહિત્યસંશોધક, ખં. ૩, અં. ૪, પૃ. ૩૩૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભગવાનને નમસ્કાર કરી કહેવા લાગ્યોઃ "ભગવન્, આપ મારા ધર્માચાર્ય છો. હું આપનો શિષ્ય છું." ભગવાને મંખલિપુત્ર **ગોશાળની** આ વાતનો સ્વીકાર કર્યો અને તેને શિષ્યરૂપે સ્વીકાર્યો.[3] અને ભગવાન્ મંખલિગોશાળને સાથમાં રાખી વિચરવા લાગ્યા (અપૂર્ણ)

૩ કોઈ કોઈ વિદ્વાનનો મત છે કે—ગોશાલો, ભગવાન્ મહાવીરનો શિષ્ય થયો જ નહોતો. અથવા ભગવાને તેને શિષ્યરૂપે સ્વીકાર્યો જ નહોતો ઉદાહરણ તરીકે Dr. B. M. Barua M. A. D. Lit., એમણે The Ajivakas નામના પોતાના પુસ્તકમાં લખ્યું છે:

"ભગવાન્ મહાવીરનો ગોશાળા સાથે ગુરુ-શિષ્યનો સંબંધ નહિ હતો."

પરન્તુ ડાકટર સાહેબનું આ કથન પણ એટલું જ અસત્ય છે, જેટલું તેમણે એ પણ અસત્ય લખ્યું છે કે 'સ્વયં મહાવીરભગવાને આજીવિક સંપ્રદાયના સિદ્ધાન્તોથી, પોતાના ધર્મોપદેશમાં સહાયતા લીધી હતી.'

આ બન્ને અભિપ્રાયો નિતાન્ત ભ્રમપૂર્ણ છે. **ભગવતીસૂત્રમાં** ભગવાન્ મહાવીરસ્વામી સ્વયં કહે છેઃ—

"तए णं मे गोसाले मंखलिपुत्ते हट्ठ—तुट्ठे मम तिक्खुत्तो आयाहिणं पयाहिणं जाव नमंसित्ता एवं वयासी 'तुज्झे णं भंते! मम धम्मायरिया, अहन्नं तुज्झं अंतेवासी' तएणं अहं गोयमा! गोसालस्स मंखलिपुत्तस्स एयमट्ठं **पडिसुणेमि** । तए णं अहं गोयमा! गोसालेणं मंखलिपुत्तेणं सद्धिं पणियभूमीए छव्वासाइं लाभं अलाभं सुखं दुक्खं सक्कारमसक्कारं पच्चणुभवमाणे अणिच्चजागरियं विहरित्था" —भगवती, श० १५.

અર્થાત્—તે પછી મંખલિપુત્ર ગોશાલકે હૃષ્ટ—તુષ્ટ થઈને મને ત્રણ વખત પ્રદક્ષિણા દીધીઃ યાવત્ નમસ્કાર કરીને બોલ્યો; 'હે ભગવન્, આપ મારા ધર્માચાર્ય છો, અને હું આપનો શિષ્ય છું.' હે ગૌતમ! મેં મંખલિપુત્ર ગોશાળકની એ વાતનો સ્વીકાર કર્યો. તે પછી હે ગૌતમ, હું મંખલિપુત્ર ગોશાળકની સાથે પ્રણીતભૂમિમાં છ વર્ષ સુધી લાભ અલાભ, સુખદુઃખ, સત્કાર—અસત્કારનો અનુભવ કરતો અને અનિત્યતાનો વિચાર કરતો વિચરતો રહ્યો.

**ડૉ. એ. એફ. હોઅન્લેં** પોતાના **'આજીવિક સંપ્રદાય'** નામના લેખમાં **ભગવતી સૂત્રની** ઉપર્યુક્ત વાતને વધારે પ્રામાણિક માની છે. અને તેના જ આધારે તેમણે પોતાના લેખમાં વિશેષ પુષ્ટતા કરી છે.

ડૉ. **બારૂઆની** બીજી વાત કે—'ભગવાન્ મહાવીરે ગોશાળાના આજીવિક સંપ્રદાયના સિદ્ધાન્તોની પોતાના ધર્મોપદેશમાં સહાયતા લીધી હતી,' એ એવું જ અસત્ય છે, જેવું દિવસને રાત કહેવાનું. બૌદ્ધોના **પિટક ગ્રંથોમાં** જ્ઞાતપુત્ર **ભગવાન મહાવીર** અને **મંખલિ ગોશાલનો** ઉલ્લેખ સ્થાન સ્થાન પર આવે છે. અને ભ. મહાવીરને ભ. બુદ્ધે પોતાનો પ્રતિસ્પર્ધી ધર્મોપદેશક બતાવેલ છે. પરન્તુ તેમાં ક્યાંય પણ એ ઉલ્લેખ નથી કે ભગવાન્ મહાવીરે આજીવિક મતની કોઈ વાત લીધી હોય. વસ્તુતઃ આજીવિકમત પાયાવિનાનો, અવૈજ્ઞાનિક, અને યુક્તિહીન હોવાથી, એમાંથી ભગવાન્ મહાવીરને કંઈ સહાયતા લેવા લાયક હતી? **ડૉક્ટર બરૂઆએ** એ પણ સ્પષ્ટતયા નથી બતાવ્યું કે, ભગવાન્ મહાવીરે આજીવિક મતમાંથી કંઈ વાત લીધી હતી?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પલ્લીવાલ નેમડ અને તેના કુટુંબનાં ધર્મકાર્યો

લેખક :—મુનિરાજ શ્રી જયન્તવિજય

**ના**ગપુર (મારવાડમાં આવેલા નાગોર) શહેરમાં બારમા સૈકાના અંતમાં શાહ વરદેવ નામનો એક ગૃહસ્થ થઈ ગયો. તે ધર્મભાવનાવાળો, ધનાઢ્ય અને બહોળા પરિવારવાળો હતો. તેથી તેના નામ પરથી તેનો પરિવાર 'વરહુડીયા' નામથી પ્રસિદ્ધિમાં આવ્યો. અર્થાત્ તેનું કુટુંબ 'વરહુડીયા' અટકથી ઓળખાવા લાગ્યું. આ વરદેવને આસદેવ અને લક્ષ્મીધર નામના બે પુત્રો હતા. તેમાંના આસદેવને શાહ નેમડ, આભટ, માણિક અને સલખણ નામના ચાર તથા શાહ લક્ષ્મીધરને પણ થિરદેવ, ગુણધર, જગદ્દેવ અને ભુવણા નામના ચાર પુત્રો હતા. ઉપર્યુક્ત શાહ આસદેવના પુત્ર શાહ નેમડના કુટુંબ સાથે આ લેખનો મુખ્ય સંબંધ છે.

શાહ નેમડ, જાતિએ પલ્લીવાલ* વૈશ્ય અને જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ધર્મનો અનુયાયી હતો. એના વંશજો, તપાગચ્છ બિરૂદ પ્રાપ્ત કરનાર શ્રીમાન્ જગચ્ચંદ્રસૂરિજીના શિષ્યો શ્રીદેવેન્દ્રસૂરિજી, શ્રી વિજયચંદ્રસૂરિજી અને શ્રી દેવભદ્રગણીના અનુરાગી હતા. એઓના ઉપદેશથી નેમડના સંતાનોમાંથી ઘણાઓએ જુદાં જુદાં અનેક ધર્મકાર્યો કર્યાં હતાં. શાહ નેમડ પોતાનું મૂળ વતન નાગોર છોડીને પાછળથી કોઈ પણ કારણથી પાલ્હણપુરમાં આવીને વસ્યો હતો. તેને રાહડ, જયદેવ અને સહદેવ નામના ત્રણ પુત્રો હતા. તેમાંના શાહ રાહડને જિનચંદ્ર, દુલહ, ધનેશ્વર, લાહડ, અને અભયકુમાર નામના પાંચ; શાહ જયદેવને વીરદેવ, દેવકુમાર અને હાલૂ નામના ત્રણ તથા શાહ સહદેવને ખેઢા અને ગોસલ નામના બે પુત્રો હતા. એમાંના શા. રાહડના પુત્ર જિનચંદ્રને દેવચંદ્ર, નામધર, મહીધર, વીરધવલ અને ભીમદેવ નામના પાંચ પુત્રો; ધનેશ્વરને અરિસિંહ વગેરે પુત્રો; શા. સહદેવના પુત્ર ખેઢાને જેહડ, હેમચંદ્ર, કુમારપાલ અને પાસદેવ નામના ચાર પુત્રો; તથા ગોસલને હરિચંદ્ર નામનો એક પુત્ર હતો. આ પ્રમાણે શાહ નેમડને પુત્ર-પૌત્ર-પ્રપૌત્રાદિનો બહોળો પરિવાર હતો.

આ શાહ નેમડના કુટુંબના, આબુ ઉપર દેલવાડામાં મહામાત્ય તેજપાળે બંધાવેલા શ્રી નેમિનાથ ભગવાનના શ્રી લૂણવસહી નામના મંદિરની ભમતીની દેરીઓમાં ખોદાયેલા આઠ લેખો મળે છે, અને આ વંશ સંબંધીની બે મોટી પ્રશસ્તિઓ ડૉ. પીટર્સનના ત્રીજા રીપોર્ટના પૃષ્ઠ ૬૦ અને ૭૩ માં પ્રગટ થઈ ચૂકી છે. તે ઉપરથી જણાય છે કે

* અત્યારે પણ પલ્લીવાલોમાં 'વરહેડીયા' નામનું ગોત્ર છે. અર્થાત્ 'વરહુડીયા' શાહ 'વરદેવ' ના વંશજો પલ્લીવાલ જ્ઞાતિમાં અત્યારે પણ વિદ્યમાન છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ કુટુંબના માણસોએ સારાં સારાં ધર્મકાર્યો કરી પોતાની લક્ષ્મીને સફળ કરી હતી. જેમકે—

ઉપર્યુક્ત શાહ જિનચંદ્રના વીરધવલ અને ભીમદેવ નામના બે પુત્રોએ શ્રીદેવેન્દ્રસૂરિજીની પાસે દીક્ષા લીધી હતી. શાહ જિનચંદ્રના પુત્ર દેવચંદ્રે તીર્થયાત્રા માટે સંઘ કાઢી સંઘપતિપદ પ્રાપ્ત કર્યું હતું. શા. રાહડના પુત્ર લાહડે પણ જિન-પ્રતિમાઓ ભરાવાવમાં અને પુસ્તકો લખાવવામાં પુષ્કળ દ્રવ્ય ખર્ચ્યું હતું. શાહ સહદેવના પુત્રો, ષેઢા અને ગોસલ નામના બન્ને ભાઈઓએ શત્રુંજય અને ગિરનાર આદિ તીર્થોની યાત્રા માટે મોટા સંઘો કાઢ્યા હતા.

આબુ ઉપરના લૂણવસહી મંદિરમાં આ કુટુંબના આઠ લેખો છે, તેમાંના બે લેખો વિ. સં. ૧૨૯૧ ના માગસર માસના, ૩૮ મી અને ૩૯ મી દેરી કરાવ્યા સંબંધીના તે તે દેરીઓના દરવાજા ઉપર, વિ. સં. ૧૨૯૬ ના વૈશાખ શુદિ ૩ નો એક લેખ ૩૮ મી દેરીની બહારની જમણી બાજુની દીવાલમાં અને વિ. સં. ૧૨૯૩ ના માગશર શુદિ ૧૦ ના પાંચ લેખો ૩૮ અને ૩૯ મી દેરીઓમાંની પરિકરની પાંચ ગાદીઓ પર ખોદાયેલા છે. અહીંથી પરિકરની એક (છઠ્ઠી) ગાદી નષ્ટ થઈ જણાય છે. કેમકે ઉક્ત કુટુંબે આ બે દેરીઓમાં થઈને છ જિનબિંબો ભરાવ્યાં હતાં. એટલે આ કુટુંબનો એક લેખ અહીંથી નષ્ટ થયો છે. બાકીના ઉક્ત લેખોનો સંક્ષેપમાં સારાંશ આ પ્રમાણે છે:—

શાહ નેમડના પુત્ર શાહ સહદેવે, મૂળનાયક શ્રી સંભવનાથ, આદિનાથ, અને મહાવીરસ્વામી, એમ ત્રણ બિંબો તથા દંડ-કલશાદિથી યુક્ત ૩૮ મી દેવકુલિકા તથા શાહ નેમડના પુત્ર શા. રાહડના પુત્રો જિનચંદ્ર, ધનેશ્વર અને લાહડે પોતાની માતાઓ વરી (વડી) અને નાઈકી તથા વધુ હરિયાહીના કલ્યાણ માટે મૂળનાયક શ્રી અભિનંદન, નેમિનાથ અને શાંતિનાથ એ ત્રણે જિનબિંબ તેમ જ દંડ-કલશાદિથી યુક્ત ૩૯ મી દેરી કરાવી છે.

શા. નેમડના પુત્ર શા. સહદેવે, સૌભાગ્યવંતી પત્ની સુહાગદેવીની કુક્ષિથી ઉત્પન્ન થયેલા પોતાના પુત્રો શા. ષેઢા અને ગોસલના શ્રેય માટે તથા શા. સહદેવના મોટા ભાઈ રાહડના પુત્ર શા. જિનચંદ્રે પોતાના અને પોતાની માતા 'વડી'ના શ્રેય માટે શ્રી સંભવનાથ ભ. ની મૂર્તિ ભરાવી.

શા. નેમડના પુત્ર શા. રાહડના પુત્ર શા. જિનચંદ્રના પુત્ર શા. દેવચંદ્રે પોતાની માતા ચાહિણિના શ્રેય માટે શ્રી આદિનાથ ભ૦ નું બિંબ ભરાવ્યું.

શા. નેમડના પુત્ર શા. જયદેવના પુત્રો શા. વીરદેવ, દેવકુમાર અને હાલૂએ પોતાના અને પોતાની માતા જાલ્હણદેવીના કલ્યાણ માટે શ્રી મહાવીરબિંબ ભરાવ્યું.

શા. નેમડના પુત્ર શા. રાહડના પુત્રો શા. ધનેશ્વર તથા શા. લાહડે, પોતાની માતા નાઈકી, ધનેશ્વરની ભાર્યા ધનશ્રી તથા પોતાના પણ કલ્યાણ માટે શ્રીઅભિનંદન ભગવાનની પ્રતિમા ભરાવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શા. નેમડના પુત્ર શાહ રાહડના પુત્ર શાહ લાહડે, પોતાની ભાર્યા લખમશ્રીના કલ્યાણ માટે શ્રી નેમિનાથ ભગવાનની મૂર્તિ ભરાવી.

આવી રીતે આ કુટુંબે, મહામાત્ય તેજપાલના આબુ ઉપરના લૂણવસહી મંદિરમાં ૭ જિનબિંબોયુક્ત અતિ મનોહર આરસની બે દેવકુલિકાઓ કરાવી છે, તે ઉપરથી એમ સમજાય છે કે (શાહ નેમડ અને મહામાત્ય વસ્તુપાલ-તેજપાલના;) શ્રીમંત કુટુંબોમાં પરસ્પર કોઈ કૌટુંબિક સંબંધ કે સઘન સ્નેહસંબંધ હોવો જોઈએ. કારણકે તેજપાળનો આ આદર્શ મંદિર બંધાવવામાં પોતાના કુટુંબીઓ, સંબંધીઓ અને સ્નેહિઓનું સ્મરણ શાશ્વતરૂપે રાખવાનો મુખ્ય ઉદ્દેશ હતો. અર્થાત્ મહામાત્ય તેજપાલે લૂણવસહીની ભમતીમાંની એક પણ દેવકુલિકા પોતાના ખાસ સંબંધીઓ કે સ્નેહિઓ સિવાય બીજા કોઈને આપી નથી.

ઉપર જણાવેલ, લૂણવસહી મંદિરની ૩૮મી દેરીની બહાર જમણી બાજુની દીવાલમાં ખોદાયેલો વિ. સં. ૧૨૯૬ના વૈશાખ શુદિ ૩નો લેખ, નાની નાની ૪૫ પંક્તિઓનો છે. આ લેખમાં શાહ નેમડના કુટુંબીઓએ આબુ ઉપર તથા બીજાં તીર્થો, શહેરો વગેરેમાં મંદિરો, મૂર્તિઓ, દેરીઓ, ગોખલાઓ અને જીર્ણોદ્ધાર વગેરે જે જે કીર્તનો કરાવ્યાં હતાં તેનો ઉલ્લેખ કરેલ છે. તે ઉલ્લેખ જાણવા યોગ્ય હોવાથી તેનો સારાંશ અહીં આપવામાં આવે છેઃ—

૧. શ્રી શત્રુંજય મહાતીર્થમાં મહામાત્ય શ્રી તેજપાળે બંધાવેલા શ્રીનંદીશ્વરદ્વીપની રચનાવાળા શ્રેષ્ઠ ચૈત્યમાંના પશ્ચિમ દિશાના મંડપમાં દંડકલશાદિથી યુક્ત દેવકુલિકા એક અને શ્રી આદીશ્વર ભ. નું બિંબ ૧.

૨. એ જ (શ્રી શત્રુંજય) તીર્થમાં મહામાત્ય શ્રી તેજપાળે બંધાવેલા શ્રી સત્યપુરીય શ્રી મહાવીરસ્વામીના મંદિરમાં બિંબ ૧ અને ગોખલો ૧.

૩. એ જ (શ્રી શત્રુંજય) તીર્થમાં બીજી દેવકુલિકામાં ગોખલા ૨, પાષાણનું જિનબિંબ ૧ અને શ્રી ઋષભદેવાદિચોવીશી ૧.

૪. શ્રી શત્રુંજય તીર્થના મંદિરના ગૂઢ મંડપના પૂર્વ દ્વારમાં ગોખલો ૧, તેમાં મૂર્તિઓ ૨ અને તે ગોખલાની ઉપર શ્રી આદિનાથ ભગવાનનું બિંબ ૧.

૫. શ્રી ગિરનાર તીર્થમાં શ્રી નેમિનાથ ભ. ના પાદુકા-મંડપમાં ગોખલો ૧ અને શ્રી નેમિનાથ ભ. નું બિંબ ૧.

૬. શ્રી ગિરનાર તીર્થમાં મહામાત્ય વસ્તુપાળે બંધાવેલા શ્રી આદિનાથ ભ. ની આગળના મંડપમાં ગોખલો ૧ અને શ્રી નેમિનાથ ભ. નું બિંબ ૧.

૭. શ્રી અર્બુદાચલ (આબુ) તીર્થમાં શ્રી નેમિનાથજીની ભમતીમાં ૭ જિનબિંબોથી યુક્ત દેવકુલિકાઓ ૨.

૮. જાવાલિપુર (જોધપુર સ્ટેટમાં આવેલ જાલોર) ની શ્રી પાર્શ્વનાથ ભ. ના મંદિરની ભમતીમાં શ્રી આદિનાથ ભ. ના બિંબથી યુક્ત દેવકુલિકા ૧.

૯ શ્રી તારણગઢ (તારંગાજી તીર્થ) ની શ્રી અજિતનાથ ભ. ના મંદિરના ગૂઢ મંડપમાં શ્રી આદિનાથ ભ. થી યુક્ત ગોખલો ૧.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૦. શ્રી અણહિલ્લપુરપાટણમાં હાથીયા વાવની નજીકના શ્રી સુવિધિનાથ ભ. ના મંદિરનો જીર્ણોદ્ધાર અને તેમાં શ્રી સુવિધિનાથ ભ. નું નૂતન બિંબ ૧.

૧૧. શ્રી વીજાપુર (ગાયકવાડ સ્ટેટ-કડીપ્રાંત) ના જિનાલયમાં શ્રી નેમિનાથ ભ. અને શ્રી પાર્શ્વનાથ ભ. ના એક્કેક બિંબથી યુક્ત દેવકુલિકાઓ (દેરીઓ) ૨.

૧૨. ઉપર્યુક્ત વિજાપુરના જિનાલયના મૂળ ગભારામાં કદલીખત્તક-ગોંખલા બે અને તેમાં શ્રી આદિનાથ ભ. તથા શ્રી મુનિસુવ્રતસ્વામીની મૂર્તિઓ ૨.

૧૩. લાટાપલ્લી ( લાડોલ-ગુજરાત )માં મહારાજા કુમારપાલે બંધાવેલા 'કુમાર વિહાર' નામક જિનમંદિરના જીર્ણોદ્ધાર વખતે શ્રી પાર્શ્વનાથ ભ. ની સન્મુખના મંડપમાં શ્રી પાર્શ્વનાથ ભ. નું બિંબ અને ગોંખલો ૧.

૧૪. પ્રલ્હાદનપુર ( પાલણપુર )ના રાજા પરમાર પ્રલ્હાદનદેવે બંધાવેલા 'પાલ્હણ-વિહાર' નામના જિનાલયમાં શ્રી ચંદ્રપ્રભ ભ. ના મંડપમાં ગોંખલા ૨.

૧૫. ઉપર્યુક્ત મંદિરની ભમતીમાં શ્રી નેમિનાથ ભ. ની આગળના મંડપમાં શ્રી મહાવીરસ્વામીનું બિંબ ૧.

૧૬. શ્રી લાટાપલ્લી ( લાડોલ )ના 'કુમાર વિહાર' નામક મંદિરની ભમતીમાં શ્રી અજિતનાથ ભ. નું બિંબ તથા દંડ-કલશાદિથી યુક્ત દેરી ૧.

૧૭. ઉપર્યુક્ત મંદિરમાં શ્રી શાંતિનાથ ભ. અને શ્રી અજિતનાથ ભ. ની ઉભી મૂર્તિઓ-કાઉસગ્ગીયા ૨.

આ બધાં કાર્યો; નાગપુર ( નાગોર-મારવાડ ) પાછળથી પાલણપુર નિવાસી શ્રી વરહુડીયા સંતાનીય શાહ નેમડના પુત્ર શાહ રાહડના પુત્ર શાહ લાહડે અને તેના કુટુંબના માણસોએ કરાવેલ છે. આમાંના ૧૬-૧૭ નંબરનાં બે કાર્યો ઉપર્યુક્ત સંવત્ પછી કરાવ્યાં હશે એમ લાગે છે. કેમકે લેખમાં તે બન્ને પાછળથી ખોદાવ્યાં હોય એમ જણાય છે.

આ બધાં કાર્યોની પ્રતિષ્ઠા; **નાગેન્દ્રગચ્છીય** શ્રીમાન્ **હરિભદ્રસૂરિજી**ના શિષ્ય શ્રીમાન્ **વિજયસેનસૂરિજીએ કરી હતી.**

૧૮. શ્રી અણહિલ્લપુરપાટણની નજીકમાં આવેલા શ્રી ચારોપ ( ચારૂપ ) તીર્થમાં શ્રી આદિનાથ ભ. નું બિંબ અને ગૂઢ મંડપ તથા ૭ ચોકીઓ સહિત જિનમંદિર; શાહ રાહડના પુત્ર શાહ જિનચંદ્રની ભાર્યા ચાહિણિની કુક્ષિથી ઉત્પન્ન થયેલ પુત્ર સંઘવી શાહ દેવચંદ્રે માતા-પિતા તથા પોતાના કલ્યાણ માટે કરાવ્યું છે. આ કાર્ય સં. ૧૨૯૬ પછી એટલે ચૌદમી શતાબ્દીના પહેલા પાદમાં થયું હોવું જોઈએ.

ધર્મવીર શાહ નેમડ અને તેના કુટુંબીઓએ આવાં અનેક ધર્મકાર્યો કરીને મનુષ્ય જીંદગીને તથા પોતાને મળેલી લક્ષ્મીને ફળવાન બનાવી હતી.

આ લેખ ઉપરથી વાચકો સારી રીતે સમજી શકશે કે— **બારમી શતાબ્દીમાં પણ પલ્લીવાલ જૈનો ખાસ મૂર્તિપૂજક શ્વેતાંબર જૈનધર્મ પાળતા હતા.** આટલા લાંબા કાળથી આપણા સહધર્મી બની ચૂકેલામાંથી આજકાલમાં આગરા,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભરતપુર, જયપુર આદિ જીલ્લાઓમાં વસતા ઘણાખરા પલ્લીવાલ જૈનો પરિચય–સોબતની અસરથી અન્યધર્મી બની ગયા છે—બનતા જાય છે, તેમને અને પૂર્વ દેશમાં સરાક જાતિના લોકો જૈન મટી હિંદુ ધર્માનુયાયી બની ગયા છે તે બધાને ઉપદેશ આપી—સમજાવીને પાછા મૂળ સ્થાને લાવવાની અને તેવાં કાર્યો માટે હરેક પ્રકારની સહાયતા કરવાની શ્રી મહાવીરના સાચા ભક્ત પ્રત્યેક જૈનની ફરજ છે. આશા રાખવામાં આવે છે કે—ધર્મભાવનાવાળા અને શ્રી વીર ધર્મની—શ્રી મહાવીર પ્રભુના શાસનની ખરા દિલથી સેવા કરવા ઇચ્છનાર, પ્રત્યેક જૈન ગૃહસ્થ ઉપર્યુક્ત કાર્યોમાં યથાશક્તિ આર્થિક સહાયતા પહોંચાડી સાચા સહધર્મી–વાત્સલ્યનું સાચું ફળ પ્રાપ્ત કરવા માટે તત્પર રહેશે.

ઇતિશમ્ .

ઉપર્યુક્ત શાહ નેમડનું વંશવૃક્ષ આ પ્રમાણે છે. જેટલાં નામો મળી શક્યાં તેટલાં આમાં આપવામાં આવ્યાં છે.




* કોઈ ઠેકાણે 'લક્ષ્મી', કોઈ ઠેકાણે 'વડી' અને કોઇ ઠેકાણે 'નરી' નામ આપેલ છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈનપુરીનાં જિનમંદિરોની અપૂર્વ કળા

લેખકઃ — શ્રીયુત સારાભાઈ મણિલાલ નવાબ, વડોદરા.

જૈનપુરીના નામથી પ્રસિદ્ધમાં આવેલ અમદાવાદ શહેરની મુસલમાની સુલતાનોના સમયમાં બંધાએલી મસ્જીદોમાં સચવાઈ રહેલી શિલ્પકળા, પાશ્ચાત્ય અને એતદ્દેશીય કલાપ્રિય સજ્જનોમાં જેટલી જાણીતી છે તેટલી જૈનપુરીના જિનમંદિરોની કળા, કેટલીક બાબતોમાં મુસલમાની સમયની કળા કરતાં ઘણી જ સુઘડ અને સુંદર હોવા છતાં, જાહેરમાં આવી નથી, જે બતાવી આપે છે કે તે તરફ જૈનકોમની કેટલી ઉદાસીનતા છે જૈનકોમની જેટલી ઉદાસીનતા છે તેથી વિશેષ ઉદાસીનતા ગુજરાતના લેખકવર્ગની પણ તે તરફ હોય તેમ જણાઈ આવે છે, કારણકે જૈનપુરીના જિનમંદિરો પૈકી દિલ્હીદરવાજા બહાર આવેલા હઠીભાઈ શેઠના બંધાવેલા જિનમંદિરના ઉલ્લેખ સિવાય લેખકવર્ગ તરફથી એકાદ અપવાદ સિવાય મોટે ભાગે મૌન જ સેવવામાં આવ્યું છે.

જૈનપુરીમાં આવેલાં સેંકડો જિનમંદિરો પૈકીનાં દરેકે દરેક જિનમંદિરમાં કળાપ્રેમી સજ્જનોને કળાની દૃષ્ટિએ જાણવાનું અને જોવાનું મલી શકે તેમ છે, છતાં આ નાનકડા લેખમાં સઘળાં જિનમંદિરોનાં નામો અને ટુંકું વર્ણન પણ આપવાનું મુશ્કેલી ભરેલું છે અને મારો પોતાનો આશય પણ આ લેખને બહુ જ વિસ્તૃત કરીને વાચકવર્ગને કંટાળો નહિ આપતાં કળાની દૃષ્ટિએ ખાસ જોવા લાયક જિનમંદિરોનું જ ટુંકું વર્ણન આપીને સંતોષ માનવાનો છે.

જૈનપુરીના જિનમંદિરોમાં જુદી જુદી જાતની કળા સચવાએલી છેઃ આ કળાના ત્રણ વિભાગ પાડી શકાયઃ—

૧. શિલ્પકળા તથા મૂર્તિવિધાનકળા. ૨. લાકડા ઉપરનાં કોતરકામો તથા ચિત્રકામો. ૩. ભિત્તિચિત્રો.

ઉપરના આ ત્રણ વિભાગો સમયની દૃષ્ટિએ નહિ પણ ભિન્ન ભિન્ન રૂચિવાળા કળાપ્રેમીઓને પોતપોતાને ઇચ્છિત રૂચિવાળા વિભાગોનું ટુંક સમયમાં અવલોકન થઈ શકે તે દૃષ્ટિએ પાડવાનું મેં યોગ્ય માન્યું છે.

**૧. શિલ્પકળા તથા મૂર્તિ-વિધાનકળા:**

૧. ઝવેરીવાડ નીશાપોળમાં આવેલું જગદ્‌વલ્લભપાર્શ્વનાથનું જિનમંદિર શિલ્પની દૃષ્ટિએ એટલે બાંધણીની દૃષ્ટિએ અમદાવાદમાં સર્વોત્તમ પંક્તિનું છે એવો મત શિલ્પશાસ્ત્રવિશારદ આચાર્યદેવ શ્રીજયસિંહસૂરિજીનો છે. બીજું આ જિનમંદિરમાં જૈનપુરીના બીજા જિનમંદિરોની માફક જીર્ણોદ્ધારના નામે અને આ વીસમીસદીમાં તદ્દન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાફ (Plain) આરસપહાણના જિનમંદિરો બંધાવાના પવને પ્રાચીન લાકડકામો તથા પત્થરકામોનો નાશ નહિ કરતાં સંપૂર્ણ કાળજીથી પ્રાચીન કામો સચવાએલાં જણાઈ આવે છે. શિલ્પની દૃષ્ટિએ આ જિનમંદિરની વિશિષ્ટતા હોવા ઉપરાંત આ જિનમંદિરમાં મૂર્તિવિધાનની દૃષ્ટિએ પણ કેટલીક જિનમૂર્તિઓ સર્વોત્તમ પ્રકારની છે.

૧. જિનમંદિરમાં દાખલ થતાં જ સૌથી પ્રથમ સહસ્ત્રફણા પાર્શ્વનાથની કાઉસગ્ગમુદ્રાએ સ્થિત રહેલી. સફેદ આરસની, નેત્રને આલ્હાદકારી અને શાંત મૃદુમૃદુ હાસ્ય કરતી આ જિનમૂર્તિ દરેક કલાપ્રિય સજ્જનને મુગ્ધ બનાવે તેવી છે. દિલગીરી માત્ર એટલી જ છે કે મૂર્તિના મસ્તક ઉપરની સહસ્ત્રફણાઓમાં કચરો ભરાઈ ન જાય એ બીકે રાળ અને લાખથી એ ભાગ પુરી દેવામાં આવ્યો છે.

૨. સહસ્ત્રફણા પાર્શ્વનાથના ગર્ભદ્વારથી આગળ જતાં ચિંતામણિપાર્શ્વનાથનું બીજું ગર્ભદ્વાર આવે છે. તે ગર્ભદ્વારમાં સન્મુખ ચિંતામણિપાર્શ્વનાથની નાની પણ નાજુક લગભગ નવ ઈંચ ઊંચી પદ્માસનસ્થ શ્યામ પાષાણની મૂર્તિ અને તેનું ભવ્ય પરિકર* તથા પબાસનનું+ બારીક કોતરકામ ખાસ દર્શનીય છે; પરંતુ ઉપરની માફક આ મનોહર બારીક કોતરકામ રાળ અને લાખથી પુરી દેવામાં આવ્યું છે આ ચિંતામણિ-પાર્શ્વનાથની મૂર્તિના આગળના ભાગમાં પબાસન આગળ એક પિત્તળનો હાથી કે જેની પીઠના ઉપરના ભાગમાં એક નાની ધાતુની જિનમૂર્તિ મૂકવામાં આવે છે, તે હાથી પણ ખાસ રમણીય અને કળાની દૃષ્ટિએ સુંદર છે.

૩. ગર્ભગૃહ(ભોંયરા)માં ઉતરતાં જ સામે વિશાળ, નિર્મળ સ્ફટિકસમ સફેદ આરસમાંથી કોઈ દેવાંસી શિલ્પીઓએ ફુરસદના સમયે ઘડીને તૈયાર કરેલી જગદ્‌વંદ્ય શ્રી જગદ્વલ્લભ પાર્શ્વનાથની આશરે છ ફુટ ઊંચી પદ્માસનસ્થ અને મૃદુ મૃદુ હાસ્ય કરતી જિનમૂર્તિ જોઈને કયા કળાપ્રેમી સજ્જનનું હૃદય આનંદિત ન થાય! આ મૂર્તિની મુખમુદ્રા જેટલી રમણીય અને આલ્હાદકારી છે, તેટલાં જ રમણીય તેની ઉપરનું પરિકર તથા બેઠક નીચેનું પબાસન છે. શ્વેતામ્બર જૈન તીર્થોમાં તથા જિનમંદિરોમાંની સેંકડો વિશાલકાય સફેદ આરસની જિનમૂર્તિઓ પૈકી વધુમાં વધુ નિર્મળ, સ્વચ્છ અને સુંદર પ્રતિમા આ છે એમ મારું માનવું છે.

ગર્ભદ્વારમાં ઉતરતાં જ ઉપરની છતના ભાગમાં નજર નાખવામાં આવે તો ત્યાં લાલ પૃષ્ઠભૂમિ ઉપર વિવિધ રંગોથી તૈયાર કરેલ ભક્ત શ્રાવકો પૂજાની ઝાંઝ* વગેરે વગાડતાં ભિતિચિત્રમાં ચીતરેલા જણાઇ આવે છે, આ જિનમંદિર મોગલ રાજ્યકાળ દરમ્યાન બંધાવેલું હોવાથી માનવાને કારણ રહે છે કે આ સચવાઈ રહેલો ભિત્તિચિત્રનો નમૂનો પણ તે સમયનો હોય.

૨. દેવસાના પાડાના ચિંતામણિ પાર્શ્વનાથના દહેરાસરમાં ભૂમિગૃહમાં બિરાજમાન શ્યામ આરસની ચિંતામણિ પાર્શ્વનાથની ભવ્ય મૂર્તિ તથા તેનાં પરિકર અને પબાસન પણ ખાસ મૂર્તિવિધાનની દૃષ્ટિએ ઉચ્ચ કોટિનાં છે.

*જિનમૂર્તિના મસ્તક ઉપરનો તથા આજુબાજુનો કોતરકામવાળો ભાગ.
+જિનમૂર્તિની બેઠકની નીચેનો કોતરકામવાળો ભાગ.
*એક જાતનું વાજિંત્ર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩. ઝવેરીવાડ વાઘણપોળમાં આવેલા બીજા તીર્થંકર શ્રી અજિતનાથ સ્વામીના દહેરાસરની ભમતીની શરૂઆતમાં જ આવેલી. વિ. સં. ૧૧૧૦માં પ્રતિષ્ઠિત થએલી માનુષી આકારની કાઉસગ્ગ મુદ્રાએ સ્થિત રહેલી શ્રી અજિતનાથ તીર્થંકરની ધાતુની મૂર્તિ ખાસ દર્શનીય છે; આ મૂર્તિના પ્રત્યેક અંગોપાંગ શિલ્પીએ ઘણી જ કાળજીથી અને સંભાળભરી રીતે ઘડેલાં જણાઇ આવે છે. આ મૂર્તિ એટલી બધી સુંદર છે કે તેની બરોબરી કરી શકે એવી એક પણ બીજી માનુષી આકારની ધાતુની મૂર્તિ અમદાવાદનાં જિનમંદિરોમાં નથી, અને મારી માન્યતા પ્રમાણે તો સારાએ ભારતવર્ષમાં બીજી થોડી જ હશે.

૪. માંડવીની પોળમાં નાગજીભુદરની પોળમાં આવેલા જિનમંદિરમાં ત્રીજા તીર્થંકર શ્રી સંભવનાથની સફેદ આરસની પદ્માસનસ્થ મૂર્તિ પણ મૂર્તિવિધાનની દૃષ્ટિએ ઉત્તમ છે. સાંભળવા પ્રમાણે આ જિનમંદિરમાં પહેલાં લાકડાના સુંદર કોતરકામો હતાં, પણ જીર્ણોદ્ધાર કરાવતાં તદ્દન સાફ (Plain) આરસનું જિનમંદિર તૈયાર કરવવાના બહાને પ્રાચીન કળાનો નાશ કરવામાં આવેલ છે.

૫. ઝવેરીવાડમાં આવેલા શ્રી સંભવનાથના જિનમંદિરના ભૂમિગૃહમાં આવેલી શ્રી સંભવનાથ તીર્થંકરની વિશાલકાય સફેદ આરસની જિનમૂર્તિ તથા તેનાં પરિકર અને પબાસન પણ મૂર્તિવિધાનની દૃષ્ટિએ ઘણાં જ ઉચ્ચ પ્રકારનાં છે. આ મૂર્તિ એટલી બધી વિશાળ છે કે ભારતવર્ષનાં વિદ્યમાન શ્વેતામ્બર જિનમંદિરોમાં આવેલી જિનમૂર્તિઓમાંની બીજી થોડી જ મૂર્તિઓ આટલી વિશાળ હશે.

૬. માંડવીની પોળમાં સમેતશિખરની પોળમાં આવેલા સમેતશિખરના દેરાસરમાં આવેલી મૂળનાયક શ્રી પાર્શ્વનાથની પ્રતિમા તથા તેના મસ્તકના ઉપરના ભાગની ફણા પણ ખાસ વિશિષ્ટ પ્રકારની હોવાથી મૂર્તિવિધાનશાસ્ત્રના અભ્યાસીઓને ખાસ જોવા જેવી છે.

૭. કાલુપુર કાલુશાહ (કાલુશી) ની પોળમાં આવેલા જિનમંદિરના ઉપરના ભાગમાં આવેલી તથા ગર્ભગૃહમાં આવેલી શ્યામ આરસની પદ્માસનસ્થ બંને ચિંતામણિપાર્શ્વનાથની મૂર્તિઓ તેનાં પરિકર અને પબાસન સહિત ખાસ મૂર્તિવિધાનની દૃષ્ટિએ મહત્ત્વની છે.

૮. અમદાવાદના રાજપુર નામના પરામાં આવેલા જિનમંદિરના ભૂમિગૃહમાં આવેલી શ્રી ચિંતામણિપાર્શ્વનાથની ભવ્ય પ્રતિમા પણ તેનાં પરિકર અને પબાસન સહિત ખાસ મહત્ત્વની છે અને મૂર્તિવિધાનશાસ્ત્રના અભ્યાસીઓએ ખાસ જોવા લાયક છે.

૯. દિલ્હી દરવાજા બહાર આવેલા હઠીભાઈ શેઠના જિનમંદિર માટે તો ઘણું જ લખાઈ ગએલું હોવાથી તેને માટે વધુ નહિ લખતાં તે મંદિરમાં આવેલા મૂળનાયક પંદરમા તીર્થંકર શ્રી ધર્મનાથની સફેદ આરસની મૂર્તિ તથા તેનાં પરિકર તથા પબાસન પણ મૂર્તિવિધાનની દૃષ્ટિએ ખાસ મહત્ત્વનાં હોવાથી તે તરફ મૂર્તિવિધાનશાસ્ત્રના અભ્યાસીઓનું ધ્યાન ખેંચીને આ 'શિલ્પકળા તથા મૂર્તિવિધાન કળા' નામનો પહેલો ભાગ સમાપ્ત કરવાની રજા લઉં છું.

આ લેખના વાચકોને મારી એક નમ્ર વિનંતિ છે કે ઉપર્યુક્ત ઉલ્લેખો સિવાય શિલ્પકળા તથા મૂર્તિવિધાન કળાની દૃષ્ટિએ બીજી કોઇ સામગ્રી જૈનપુરીના જિનમંદિરોમાં હોવાનું તેઓની જાણમાં આવે તો કૃપા કરીને મને લખી જણાવવા તસ્દી લે.

(ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મહાપ્રાચીન કોશાંબીનગરી

લેખક—આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયપદ્મસૂરિજી

અનેક પ્રાચીન વસ્તુઓમાં વિશાલ, વત્સદેશના અલંકાર તુલ્ય કોશાંબી નગરીને પણ સ્થાન અપાયું છે. એટલે અયોધ્યાનગરીની બીના જાણ્યા બાદ, આ નગરીનો પણ સંક્ષિપ્ત ઇતિહાસ જાણવા જેવો છે. અહીં પ્રભુ શ્રી મહાવીરદેવને વંદન કરવા માટે ચંદ્ર અને સૂર્ય મૂલ વિમાનમાં બેસીને આવ્યા હતા, ત્યારે ચોતરફ પ્રકાશ ફેલાયો, જેથી સંધ્યા સમય ધ્યાન બહાર રહેવાથી, આર્યા મૃગાવતીજી પ્રભુદેવના સમવસરણમાં વધુવાર રોકાયા; અને જ્યારે ચંદ્ર સૂર્ય વંદન કરીને સ્વસ્થાને ગયા ત્યારે મહાસતી તે સાધ્વીજીએ જાણ્યું કે ચોતરફ અંધકાર ફેલાઈ ગયો અને મારી મોટી ભૂલ થઈ. પ્રભુદેવના સમવસરણમાં રાતે રહી શકાય નહિ, એમ વિચારી તે જલ્દી ઉપાશ્રયે આવ્યાં. આ અવસરે પોતાનાં ગુરુણીજી આદિ સાધ્વીઓ આવશ્યક ( પ્રતિક્રમણ ) કરી રહ્યાં હતાં. આ પ્રસંગે મૃગાવતીજીને આર્યા ચંદનબાલા સાધ્વીએ ઠપકો આપતાં જણાવ્યું કે— "સંયમ સાધનામાં ઉદ્યમશીલ એવા તમારે આ પ્રમાણે કરવું ઉચિત નથી. શ્રમણધર્મ એ ઉપયોગ-પ્રધાન છે. સ્ખલનાનું કારણ અનુપયોગભાવ જ છે." આવું વચન સાંભળીને મૃગાવતીજી ગુરુણીજીના પગમાં પડી ઘણો જ પશ્ચાત્તાપ કરવા લાગ્યાં, અને અપરાધને ખમાવતાં સર્વ જ્ઞાનમાં શિરોમણિ કેવલજ્ઞાન પામ્યાં. અસ્તુ.

આ કૌશાંબીનગરીનો કોટ, મૃગાવતી ઉપર આશક્ત થએલા રાજા ચંડપ્રદ્યોતે પોતાની ઉજ્જયિની નગરીથી માંડીને ઠેઠ કોશાંબીનગરી સુધી લાઈનબદ્ધ પુરુષો ગોઠવીને તેઓની મારફત ઈંટો મંગાવીને શીઘ્ર બંધાવ્યો હતો, જે હાલ પણ ખંડેરસ્થિતિમાં દેખાય છે. અહીં પૂર્વે શતાનીક રાજા રાજ્ય કરતા હતા. ત્યારબાદ તે રાજા ( અને મૃગાવતીના ) ના પુત્ર ઉદાયી (ઉદયન) રાજા અહીંની રાજ્યગાદી ઉપર આવ્યા. જે ગાંધર્વવિદ્યા ( ગાયન-કલા ) માં હુંશિયાર હતા. અહીંના વિશાલ ભવ્ય મંદિરોમાં રહેલી દિવ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જિનપ્રતિમાઓ, જોનાર ભવ્ય જીવોને અપૂર્વ આલ્હાદ આપે છે. નગરીની ચારે બાજુ વિવિધ વનો (બગીચા વગેરે) શોભે છે, કે જે કાલિંદી નદીના જલની લહરીઓના સંબંધથી પ્રફુલ્લિત દેખાય છે. પૂર્વે આપણા દેવાધિદેવ[1] શ્રમણ ભગવાન પ્રભુ શ્રી મહાવીરે (ગુજરાતી તિથિ) માગશર વદિ એકમે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવની અપેક્ષાએ અડદના બાકુલા વ્હોરવાનો જે અભિગ્રહ કર્યો હતો, તે આ નગરીમાં પાંચ દિવસ ઓછા છ મહિને એટલે ૫ મહિના અને ૨૪ દિવસ વિત્યા બાદ જેઠ સુદિ દશમે સૂપડાના ખૂણામાં રહેલ અડદના બાકુલા ચંદનબાલાએ વ્હોરાવીને પ્રભુને પારણું કરાવી, પૂર્ણ કર્યો હતો. આ સ્થલે દેવોએ સાડાબાર ક્રોડ વસુધારા (સોનૈયા) ની વૃષ્ટિ કરી. આ જ કારણથી આ નગરની નજીકમાં વસુધારા નામનું ગામ વસ્યું જેનો અનેક સ્થલે નિર્દેશ જોવામાં આવે છે. તેમજ પંચદિવ્યો પ્રકટ થયાં, જેથી લોકો પૂર્વેની માફક હાલ પણ આ પર્વ (જેઠ સુદી દશમના) દિવસે તીર્થસ્નાન દાનાદિ આચાર પાલે છે. અને વર્તમાન ચોવીશીના છઠ્ઠા તીર્થંકર શ્રી પદ્મપ્રભુનાં ચ્યવન, જન્મ, દીક્ષા અને કેવલજ્ઞાન નામનાં ચારે કલ્યાણકો પણ અહીં થયાં છે. આ સ્થલે ઘણાં ઉંચાં અને વિકસ્વર કોસંબ નામનાં વૃક્ષો અધિક પ્રમાણમાં દેખાય છે. આ કારણથી પણ આ નગરીનું કોશાંબી નામ પડયું હોય એમ અનુમાન થાય છે. અહીંના વિશાલ શ્રી પદ્મપ્રભુના ભવ્ય મંદિરમાં, ઉપર જણાવેલ બાકુળા વહોરાવવાના પારણાના પ્રસંગને દર્શાવનારી શ્રી ચંદનબાલાની ભવ્ય મૂર્ત્તિ હયાત છે. અહીં એક શાંત આકૃતિને ધારણ કરનાર સિંહ હંમેશાં આવીને પ્રભુને ભાવપૂર્વક વંદનાદિ કરે છે.

શાસ્ત્રકાર ભગવંતે કહ્યું છે કે કલ્યાણકભૂમિરૂપ પવિત્ર ક્ષેત્રની સ્પર્શનાથી કર્મોના ક્ષયોપશમાદિ જરૂર થાય છે. પોતાના ઘરે દાનશીલાદિ ગુણો સાધવાની જેને ઇચ્છા ન થાય, તે જ જીવ પરમ પાવન શ્રી સિદ્ધગિરિજી જેવા ઉત્તમ સ્થાને પૂર્ણ ઉલ્લાસથી દાનાદિ સાધી શકે છે. જેથી આ કોશાંબીનગરી પણ છઠ્ઠા પદ્મપ્રભુના ચાર કલ્યાણકોની પવિત્ર ભૂમિ છે. અને પ્રભુ શ્રી મહાવીરની ચરણરજથી પણ પવિત્ર થયેલી છે, એમ વિચારી, આ પવિત્ર તીર્થભૂમિની બીના જાણી ભવ્ય જીવો તીર્થસેવારૂપી જલના પ્રવાહથી કર્મમેલથી મલિન બનેલા પોતાના આત્માને નિર્મલ બનાવે એ જ હાર્દિક ભાવના !

---

૧. દેવો પાંચ પ્રકારના છે. ૧. દ્રવ્યદેવ (બદ્ધદેવાયુષ્કનરાદિ), ૨. ભાવદેવ (દેવાયુને, ભોગવનાર), ૩. દેવાધિદેવ (અરિહંત), ૪. નરદેવ (ચક્રવર્ત્તિ) અને ૫. ધર્મદેવ (મુનિવરો), એમ શ્રી ભગવતીસૂત્રમાં કહ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

भट्टारक श्री क्षमासूरि-प्रसादीकृत

# यतिमर्यादा-पट्टक

संशोधकः—उपाध्यायजी महाराज श्री यतीन्द्रविजयजी.

**भट्टारक** श्रीविजयप्रभसूरीश्वर-पट्टालंकार भ० श्रीविजयरत्नसूरीश्वर-गुरुभ्यो नमः। संवत् १७७३ वर्षे महाशुदि ६ चन्द्रवासरे भ० श्रीविजयक्षमासूरीश्वर यतिमर्यादापट्टको लिख्यते। समस्त साधु साध्वी श्रावक श्राविका समुदाय योग्यं। अपरं च आजना समयानुसारें अम्हारै पालवा योग्य होइ ते अम्हें पालुं अने समस्त साधु साध्वीइं पिण अम्हारा कह्या थकी पालवा अने समस्त श्रावक श्राविकाइं पणि अम्हारा कह्या थकी पालवा अने समस्त श्रावक श्राविकाइं पणि समस्त साधु पासै पलाविवा। गच्छ नायकनी आज्ञा थकी अने गृहस्थ आज्ञा पलावै तिवारे गृहस्थें पणि यतिओनी सघली बातें खबरि लेवी। प्रथम तो अम्हें अम्हारी रीति स्थिति लिखियै छै।

१-नित्यप्रतें एकासणुं करवुं कारण विशेषे औषध वेषधादिकनी जयणा। २-बैसणै कांबली ४ त० ५ कल्पक ५ त० ७ उपरि ए रीते बैसणुं मंडाववुं। पूठे पूठीयां मूंकिवा पणि रूना तकीया न माडवा। ३-पींछीये पूंठे माखी उडाडवी पणि चामर नहीं। ४-अम्हे अम्हारै भार ऊपाडवाने पोटलीया करवा पगि पोटलीया शकट नहीं, कारण विशेषे जयणा। गृहस्थोने द्रव्यादिकना उगार माटे। ५-सात मांडल सांचववी। संध्याइं प्रतिक्रमण करीने सात शांतिकरा, सात घंटाकरण गणवा ऊभा रहीनै। बीजा यतिओ पासै पणि शांतिकरा नमिऊण सात गणवा तिहां सूधी सर्व गीतार्थ पणि ऊभा रहै। पोरिसि भणाव्या पछी सर्व साधु आप आपणै ठिकाणे जाइ। एतो अम्हारे पालिवानी स्थिति लिखी। हिवे बीजा साधुनै पालवानी स्थिति लिखियै छै।

६-बीजा साधुने सज्झाय कीधा विना स्थंडिल भूमिकाइं जावा न देवा, कदापि जरूर बाधा हुइ तो तेणें आज्ञा मांगोने जावुं। पछै आवी श्रीजीहजूर कने पांच नौकरवाली

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ऊभा रहीने गणवी शिष्यादिकें । गीतार्थ बैसीनै गणै । ७--वरस दिवसना बे लोच करावबा सर्व यतीयें । ८–शेषे कालें सर्व गीतार्थें मास कल्पनौ व्यवहार सांचववौ । ९–चौमासी, मौनएकादशी सूधी रहे, श्रावकना आग्रह थकी फागुण सूधी रहै पछै वड लोहडाईयें पाटीयै गीतार्थ बैसे । १०–केटलाइक गीतार्थ नगरपिंडोलीया देशपिंडोलीया थई रह्या छे ते सर्व यतीओने देश परावर्त्तन करवा, त्रण्य तथा सात वरस देशमांहि राखवा पछै वली देश परावर्त्तन करवा । कोंण संवेगीनै कोंग गच्छवासीनै गीतार्थ सघलायेने देश परावर्त्ते अबल द्रूमसीम ए रीते क्षेत्रादेश देवा । जिवारे देश परावर्त्त करीये तिवारे अबलद्रूम आपवौ सहिर आपवौ । ११–थानवासूने आज्ञा वृद्ध हुइ विहार सक्ति हुइ नहीं तेहनै आज्ञा थानवासूनी आपवी, जुवानने नहीं । गीतार्थनी सेवाने अर्थी एक शिष्य पासै रहे । १२–आदेश–निर्देश जेहवो गीतार्थ हुइ तेहने तेहवो आपवौ, ठाणा प्रमाणे आपवौ । १३–देश देशनी भलामग पदस्थ गीतार्थने देवी, पणि लांछोडि-याने न देवी । १४–बडी दीक्षा थया विना योग वह्या विना पद पदादिक न देवा । १५–यतियें आंक प्रमुख छोकरा न भणाववा, धर्मक्रिया भणाववी । टीपणा न लिखवा, न वेचवा, व्याजवटौ न करवौ, खेतीवाडीनौ व्यवहार न राखवौ । १६–यतीयें उष्ण-वारिनो व्यवहार करिवो, पणिहारी प्रमुखना हाथे अणाववुं नहीं । १७–गृहस्थें पिण औषध, वेषध, वस्त्र, पात्र, पुस्तक, नोकरवाली, ज्ञान उपगरण, लेप, तेल, भांडु, बौलावुं, पोटलीया, प्रमुख एतली वस्तुइ गृहस्थ खबर ले, ते यती अव्यवहार चालै तौ गृहस्थें मुखें सीखामण देवी, न मानै तो अमने खबर लिखवी । ए बातनी गच्छनायक सीखामण द्यै । गृहस्थें पिण तिमज वर्त्तवुं । १८–चेला करवा ते सुजाति वाणिया ब्राह्मण विना अन्य जाति न करिवा, अने करस्ये तो गच्छनायकनी आकरी रीस थास्यै । १९–साधु साधवी एकत्र न रहै आप आपणै ठिकाणे रहै । २०–साधु साधवीने न भणावै, शिक्षा प्रमुख न देवै, साधवीना साथे बोलिवानो घणो परिचय न राखवो । २१–शरीर विशेषे अथवा गरढा वृद्ध हुई तेहने साधवीने भणाववादिकनी छूट छे, पणि तेनो घणो आव जाव कामनुं नहीं । २२–गच्छनायकनी चीठी विना चेलाने दीक्षा न देवी । २३–एक दीकरानी अथवा बे दीकरानी माने ते पणि च्यालीस वरसनी हुइ तेहने गच्छनायकनी आज्ञा मागीने दीक्षा देवी । २४–दरदरबारादिकें श्रावकनी आज्ञाइं तथा गच्छनायकना कामें दरदरबारे जावुं । ए नियम सर्वने पालिवा, पलाविवा, न पालस्यै तेहने गच्छनायकनौ ठपको मिलस्यै, सजा थास्यै । इति चोवीस बोल । गच्छनायकनी आज्ञाथी पं० भीमविजय लिख्या ते स्वपरार्थे कल्याणकर थाओ संवत् १७७३ वर्षे माघसुदि ६ दीवबंदरे ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# जेष्ठस्थित्यादेश-पट्टक

ॐ नत्वा भ० श्रीविजयरत्नसूरीश्वरगुरुभ्यो नमः। सं० १७७४ वर्षे भ० श्रीविजयक्षमासूरिभिर्ज्येष्ठस्थित्यादेशपट्टको लिख्यते श्रीसोरठदेशे।

पं। भीमविजय पं। सुखविजयगणि। दीव १;

पं। लक्ष्मीविजय ग। पं। हर्षसागर घोघा १

पं। देव कुशल ग। पं। रविसागर जूनोगढ। १

पं। रूपकुशल ग। पं। पं। हीरकुशल ग। राणापुर। १

पं। हितकुशल ग। पं। लब्धिसागर महुआ १, दाठा २

पं। वृद्धिकुशल ग। पं। गजसागर पुरबंदिर १

पं। लक्ष्मीविजय ग। पं। लब्धिसागर मांगलौर १

पं। जीतविजय ग। पं। प्रेमसागर देवकुंपाटण १

पं। अमृतकुशल ग। पं। रूपसागर धोराजी १

पं! जयसुन्दर ग। पं। महिमासागर दीवमध्ये थानवासू:

पं। हमीररुचि ग। पं। दानरुचि ग। धारूकुं १, वरतेज २

पं। प्रेमविजय ग। पं। रंगविजय। पं। रामसागर बांकानेर १

पं। कनकरुचि। पं। रविसागर षीरसरुं १

पं। कल्याणसुन्दर ग। पं। महिमासागर गूर्जरदेशे

पं। रूपविमल ग। पं। कांतिविमल राजनगर १

पं। शांतिकुशल। प। दानसागर तुंबडियुं १

पं। गंगरुचि पं। पद्मसागर कासवपरुं १

पं। चन्द्रकुशल ग। पं। आणंदसागर खेमालाउं १

पं। सदारुचि ग। पं। नित्यसागर भांणवड १

पं। महिमाकुशल पं। हंसकुशल वेलावल १

पं। प्रीतिचन्द्र ग। पं। नित्यरुचि वणथली १, मझेवडी २

पं। प्रेमरुचि ग। पं। विजयसागर कंडोलणुं १

पं। रामविजय। ऋषिभावसागर ऊना १

पं। हेमसागर ग। ऋषीलाभसागर पालीताणुं १

पं। जगसागर। ऋषी ऋषभसागर पं। दयालसागर धल्लौर १

पं। शुभसागर चौक १

पं। कीर्तिरुचि पं। मुक्तिसागर बेटी १

(જુઓ પૃષ્ઠ ૩૮૪)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# दिगम्बर शास्त्र कैसे बनें?

लेखक—मुनिराज श्री दर्शनविजयजी.

## प्रकरण ९–वाचकवर्य श्री उमास्वातिजी.

( तृतीय अंक से क्रमशः )

भारतवर्ष के प्राचीन विद्यापीठो में तक्षशिला और नालंदा ( राजगृही ) के विद्यापीठ प्रधान हैं। संभव है कि—जैसे राजगृही के विद्यापीठ का स्थान नालंदापाडा है वैसे तक्षशिला के विद्यापीठ का स्थान उच्चनगर हो। उच्चनगर प्राचीन काल में विद्या का केन्द्र था। यह नगर विक्रम की १२वी शताब्दी तक विद्यमान था[५२], बाद में उसका विनाश हुआ है। रावलपींडी से उत्तर में तक्षशिला और उच्चनगर के खंडहर आज भी अपने प्राचीन गौरव की शहादत देते हुए मौजूद हैं।

भगवान् महावीरस्वामी के बाद क्रमशः सुधर्मास्वामी, जम्बूस्वामी, प्रभवस्वामी, शय्यंभवसूरि, यशोभद्रसूरि, श्री सम्भूतिविजयसूरि, श्री स्थूलभद्रस्वामी, श्री आर्यसुहस्तिसूरि, सुस्थितसूरि–सुप्रतिबद्धसूरि, इन्द्रदिन्नसूरि और दिन्नसूरि प्रभावक आचार्य हुए हैं। आ० दिन्नसूरि के दो शिष्य थे, १–माढरगोत्रीय आ० शांतिश्रेणिक, २–कौशिकगोत्र-वाले, जातिस्मरण ज्ञानवाले आ० सीहगीरीजी। इनमें से आचार्य शान्तिश्रेणिक अपने शिष्यों के साथ उच्चनगर ( तक्षशिला ) के प्रदेश में विचरते थे, अतः आपकी शिष्य-परंपरा करिब विक्रम की प्रथम शताब्दी में "उच्चानागरी–शाखा" के नाम से विख्यात हुई। इस शाखामें भी गणधर वंश और वाचक वंश संस्थापित हुए थे। आर्यश्रेणिका, आर्यतापसी, आर्यकुबेरा (कुबेरी) और आर्यऋषिपालिका ये उसी के गणधर वंश की शाखायें हैं। —( कल्पसूत्र स्थविरावली, पट्टावली समुच्चय भा. १, पृ. ७ )

---

५२. आ० जिनदत्तसूरि के समय (वि० सं० १२११) तक "उच्चनगर" जैनसमाज का केन्द्र था, इस बात की शहादत इस प्रकार प्राप्त होती है—योगिनियों ने आ० जिनदत्तसूरि को कहा कि—१. दिल्ली, २. अजमेरु, ३. भरुअच्छ, ४. उज्जैन, ५. मुलतान, ६. उच्चनगर, ७. लाहोर एतन्नगरसप्तके परिपूर्णशक्तिरहितैः खरतरगच्छनायकै रात्रौ न स्थातव्यमिति।
—वि० सं० १८३० में जूनागढ में "उ० क्षमाकल्याणक" विरचित "खरतरगच्छपट्टा-वली।" श्रीमान् पूरणचन्द्रजी नाहर मुद्रित, पृष्ट–२५।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



श्री उमास्वातिजी इस श्वेताम्बरी "उच्चानागरी" शाखा के वाचकवंश के प्रधान नायक थे, इस प्रमाण से तक्षशिला के विद्यापीठ-विधान में जैनाचार्यों का कितना सहकार था यह भी स्पष्टतया निर्णित हो जाता है। वाचक श्री उमास्वातिजी महाराज स्वयं अपना सम्बन्ध इस प्रकार व्यक्त करते हैं—

वाचकमुख्यस्य शिवश्रियः, प्रकाशयशसः प्रशिष्येण।
शिष्येण घोषनंदिक्षमणस्यैकादशांगविदः ॥ १ ॥
वाचनया च महावाचकक्षमणमुंडपादशिष्यस्य।
शिष्येण च वाचकाचार्यमूलनाम्नः प्रथितकीर्तेः ॥ २ ॥
न्यग्रोधिकाप्रसूतेन विहरता पुरवरे कुसुमनाम्नि।
कौभीषणिना स्वातितनयेन वात्सीसुतेनार्घ्यम् ॥ ३ ॥
अर्हद्वचनं सम्यग् गुरुक्रमेणागतं समुपधार्य।
दुखार्तं च दुरागम–विहितमतिं लोकमवगम्य ॥ ४ ॥
इदमुच्चैर्नागरवाचकेन, सत्त्वानुकंपया दृब्धम्।
तत्त्वार्थाधिगमाख्यं, स्पष्टमुमास्वातिना शास्त्रम् ॥ ५ ॥

अर्थ—श्री उमास्वातिजी वाचकेश श्री शिवश्री के प्रव्रज्या–प्रशिष्य थे, अग्यारह अंग के धारक श्री घोषनन्दि क्षमण (महातपस्वी, क्षपण) के प्रव्रज्या-शिष्य थे,[५३] महावाचक मुंडपाद क्षमण के वाचना–प्रशिष्य थे, वाचकाचार्य मूल के वाचना–शिष्य थे, न्यग्रोधिका के रहेनेवाले थे, कौभीषणि गोत्रवाले थे, स्वाति (पिता) और वात्सीगोत्रवाली (उमा) माता के पुत्र थे, उच्चानागरीशाखा के वाचनाचार्य थे। आपने गुरुगम से अर्हद्वाणी को ग्रहण करके पटना में मिथ्याशास्त्रवचन में फसे हुए जीवों के हित के लिये "तत्त्वार्थाधिगम" शास्त्र बनाया। आपका नाम था उमास्वातिजी।

—तत्त्वार्थसूत्र की प्रशस्ति–कारिका

५३. गुरुपरंपराके दो प्रकार हैः— १. गणधरवंश, २. वाचकवंश। एक्कारस वि गणहरे, पवायए पवयणस्स वंदामि ॥ सव्वं गणहरवंसं वायगवंसं पवयणं च ॥ ८० ॥ आवश्यक नियुक्ति

"सव्वं गणहरवंसं" अज्जसुहम्मे० थेरावली या व। जेहिं जाव अम्हं सामाइयमादीयं वादितं। "वायगवंसो" नाम जेहिं परंपरएणं सामायिकादि अत्थो गंथो य वादितो। अन्नो गणहरवंसो अन्नो य वायगवंसो॥ —आवश्यकचूर्णि, पृष्ट ७६।

वाचक=पाठक, उपाध्याय ॥ —विशेषावश्यक भाष्य, गाथा १०६२ पृष्ट ४९० ॥

आर्य परंपरामां बे वंशो प्रसिद्ध छे. जन्मवंश, योनिवंश. विद्यायोनिसंबन्धेभ्यो वुञ् पाणिनी सूत्र ४-३-७७ ॥ —पं० सुखलालजी अनुवादित तत्त्वार्थसूत्र, प्रस्तावना, पृ० १,२६।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



इसके अलावा और भी उल्लेख मिलते हैं :—

आप असल में वेद-धर्मी थे, किन्तु जिनवरेन्द्र की प्रतिमा के दर्शन से वीतरागत्व का परिचय पाकर जैन मुनि बनें।[५४] बाद में आप पूर्ववित् होकर उच्चानागरी शाखा के वाचनाचार्य पद पर अधिष्ठित हुए। —(भक्तामर स्तोत्र वृत्ति)

आप के पिता का नाम स्वाति कौभिषण और माता का नाम उमा वात्सी है, अतएव आपका नाम उमास्वाति रक्खा गया था। देखिए प्रमाण :

१. स्पष्टमुमास्वातिना शास्त्रम्। —स्वोपज्ञ तत्त्वार्थभाष्यम्।

२–३ स्वातितनयेनेति पितुराख्यानं, वात्सीसुतेनेति गोत्रेण नाम्ना, उमेति मातुराख्यानम्।

—आ. हरिभद्रसूरि आ. यशोभद्रसूरि कृत तत्त्वार्थ-लघुटीका, मुद्रित पृष्ट. ५३५ ॥

—सिद्धसेनगणिकृत तत्त्वार्थ-बृहद्टीका, मुद्रित पृष्ट, ३२६ ॥

४–से १० अभूदुमास्वातिमुनीश्वरोऽसौ।

—प्रो० हीरालालजी दि० जैन संपादित, शिला० भा० १, शिलालेख, नं० ४०, ४२, ४३, ४७, ५०, १०५, १०८। नगरताल का शिलालेख।

वाचकवर्य श्री उमास्वातिजी पूर्वधर थे। देखिए प्रमाण: —

**१. वाई य खमासमणे, दिवायरे वायगंति एगट्ठा ॥**
**पुव्वगयम्मि य सूते, ए ए सद्दा पउंजंति ॥ १ ॥**

अर्थ—पूर्वज्ञानवाले वादी क्षमासमण दिवाकर और वाचक इन शब्दों से संबोधित किये जाते हैं।

—जैनधर्म प्रसारक सभा, भावनगर प्रकाशित बृहद्क्षेत्रसमास की प्रस्तावना से ॥

२. आपने तत्त्वार्थकारिका में श्री शिवश्री, श्री मुंडपाद, श्री मूल व स्वयं को वाचक बताये हैं और अपने गुरु घोषनदि को एकादशांगवित् लिखे हैं। इससे स्पष्ट है कि

५४. स्थानकमार्गी पंडित मुनि देवचन्द्रजी भी लिखते हैं कि—

वाचक मुख्य श्री उमास्वाति जातिए ब्राह्मण शैवधर्मने माननार हता। तेओश्रीने जैनधर्मनो स्वीकार अने भागवती जैन दीक्षा ग्रहण करवामां जिनपडिमानुं पवित्र पुष्ट निमित्त मानवामां आवेलुं छे। — गुजराती तत्त्वार्थसूत्र, अग्रवचन, पृष्ठ २४ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सिर्फ घोषनंदिजी एकादश अंगके धारक थे, और बाकी के चार मुनीन्द्र बारह अंग याने पूर्वज्ञान के धारक थे। उमास्वातिजी अपने गुरु से ११ अंग पढे, बाद में दादा गुरु के अभाव में वाचकमूल के पास पढे। दो वंश के समन्वय में यह बात भी अर्थ–संगत है। फलतः आपको बारहवे अंग के ज्ञान के लिये दूसरे वाचकजी के पास जाना पडा। इससे आप बारह अंग के ज्ञाता थे यह प्रमाणित होता है।

३. दिगम्बर शास्त्र भी वाचकजी को केवलि–देशीय, अर्थात् "पूर्ववित्" मानते हैं।

तत्त्वार्थसूत्रकर्तारमुमास्वातिमुनीश्वरं।
श्रुतकेवलिदेशीयं, वंदेऽहं गुणमन्दिरं॥ १॥

—एपिग्राफिआ कर्णाटिका, जिल्द–८, नगरतालु का शिलालेख,
अनेकांत (मासिक), पृष्ठ–२७०, ३९५।

आपका समय–काल विक्रम की तीसरी शताब्दी का है। और आपने ५०० ग्रन्थ बनाये हैं। जिनमें से १. तत्त्वार्थसूत्र मूल, २. तत्त्वार्थ-भाष्य श्लो० २२००, ३. प्रशमरति प्रकरण, ४. जम्बूद्वीप समास, ५. पूजा प्रकरण श्लो० १९, ६. श्रावक प्रज्ञप्ति और ७ क्षेत्रसमास शास्त्र उपलब्ध हैं। स्थानांग सूत्र–वृत्ति, पंचाशक–वृत्ति, उत्तराध्ययनसूत्र की दो टीकायें, तत्त्वार्थबृहद् टीका और भिन्न भिन्न ग्रन्थों में आपके ग्रन्थों के अनेक अवतरण पाठ मिलते हैं। श्वेताम्बर समाज इन सभी को आप्त–वचन मानता है।

(क्रमशः)

---

(પૃષ્ઠ ૩૮૦થી ચાલુ)

क्षेत्रादेशपट्टकः श्रीसोरठदेशे संवत् १७७४ वर्षे। अत्रोद्धरितक्षेत्रादिसत्यापना पं। देवकुशलगणिभिर्विधेयः। ससस्त समुदोययोग्यं अपरं पट्टा प्रगाणें सहू आदेशे पहुंचीयो मर्यादापट्टक मुंक्यो छे ते प्रमाणे प्रवर्त्तजो। जे अणविचार्‍यो चालस्ये ते उपालंभ पामस्यै। बीजुं गृहस्थ संघातें चढी बोलवुं नहीं, गृहस्थोनुं मन ठांम राषवुं, लोकिक व्यवहार विशेषे राखवुं। चोमासा मांही किहांइ जावुं आववुं नहीं, समझी सावधान प्रवर्त्तवुं।

—झकणावदा–ज्ञानभंडार से प्राप्त पत्र से उद्धृत।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પુરાતન ઇતિહાસ અને સ્થાપત્ય

## (૧) પ્રાચીન લેખ સંગ્રહ (દસ લેખો)

સંપાદકઃ-
મુનિરાજ શ્રી જયન્તવિજયજી

### (૨૦)[૧૫]

॥ ई० ॥ महं० विजयेन स्वजायासहुडादेव्याः मूर्ति ॥ भ्रातृ० मदन । सलषणसीह । देवसीह प्रभृ० सपत्नीकानां मूर्त्तिसहिता स्वीया मूर्ति कारिता ॥ शिवमस्तु ॥ सं १३०९ व सुतचाणाक्य ॥

ગામ રાંતેજના શ્રી નેમિનાથ ભ. ના મંદિરની ભમતીની છેલ્લી દેરી પાસેના ગોખલામાં શ્રાવક-શ્રાવિકાના યુગલના બે મૂર્ત્તિપટ્ટો છે. (આ બન્ને મૂર્ત્તિપટ્ટો લગભગ ૨॥ ફુટ ઉંચા અને ૨ ફુટ પહોળા છે.) દરેકમાં વચ્ચે એક એક સ્ત્રી-પુરુષની મૂર્ત્તિ કોતરીને તેના ચરણો પાસે સ્ત્રી-પુરુષોનાં ત્રણ ત્રણ નાનાં જોડલાં કોતરેલાં છે. આ બન્ને મૂર્તિપટ્ટો આરસના સુંદર અને પ્રાચીન છે. બન્ને પટ્ટ નીચે અનુક્રમે નં. ૨૧ અને નં. ૨૨ વાળા લેખો કોતરેલ છે. પહેલા લેખમાં महं० विजय તથા બીજા લેખમાં ठ० **विजकुय** લખેલ છે. એટલે તેનું મૂળ નામ 'વિજકુ' અને સુધારેલું નામ 'વિજય' હશે તેમ જણાય છે. વળી તે જાગીરદાર હોવા સાથે મંત્રી — રાજ્યનો કોઈ પણ હોદ્દાવાળો હશે તેમ લાગે છે. મંત્રી વિજયે, પોતાના ભાઈઓ મદન, સલખણસિંહ અને દેવસિંહની સ્ત્રીઓ સાથેની મૂર્ત્તિઓ યુક્ત પોતાની તથા પોતાની સ્ત્રી સુહડાદેવીની મૂર્ત્તિવાળો આ મૂર્ત્તિપટ્ટ વિ. સં. ૧૩૦૯ માં કરાવ્યો. મદનના પુત્રનું નામ 'ચાણાક્ય' આપેલ છે.

### (૨૧)

॥ ई० ॥ ठ०. विजकुयेन स्वपितुः महं० श्रीराणिगदेवस्य मूर्त्तिः भ्रा ॥ तृ ठ० अजयसीह । सोम । संग्रामसीह । प्रभृतिसकलत्राणां मूर्त्तयः ॥ तथा ठ० रयणादेव्यामूर्त्तिश्च कारयांचक्रे ॥ शिवमस्तु ॥ सं. १३०९ स्वश्रेयसे

મંત્રી વિજયે, પોતાના પિતાના ભાઈઓ ૧ ઠાકોર અજયસિંહ, ૨ સોમ અને ૩ સંગ્રામસિંહ તથા તેઓની સ્ત્રીઓની નાની મૂર્ત્તિઓ સહિત, પોતાનાં માતાપિતા મંત્રી રાણિગદેવ અને રયણાદેવીની મૂર્ત્તિઓવાળો આ મૂર્ત્તિપટ્ટ, પોતાના કલ્યાણ માટે વિ. સં. ૧૩૦૯ માં કરાવ્યો.

---

૧૫ લેખાંક નં. ૨૦ થી ૨૯ સુધીના લેખો, શ્રીભોયણી અને શ્રીશંખેશ્વરની વચ્ચે ભોયણીથી આશરે ૭ ગાઉની દૂરી પર આવેલ, (કડી પ્રાંતના ચાણસ્મા તાલુકાના) રાંતેજ નામના ગામના મૂ. ના. શ્રી નેમિનાથ ભ. ના બાવન જિનાલયવાળા મંદિરના છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૨૨)

॥ॐ॥ संवत् १३०९ वर्षे वैशाख शुदि ३ गुरावद्येह रांतयजग्रामे महं० श्री राणिग........व सुत० ठकुर० विजयब्रह्मेन बाई गउरदेवि (वी) श्रेयोर्थं श्रीसरस्व........ (ती देव्याः प्रतिमा) कारयांचक्रे ॥ शिवमस्तु ॥

રાંતેજના જિનાલયની ભમતીની ૪૬ મી દેરીમાં સ્થિત, સરસ્વતી દેવીની આરસની મોટી ખંડિત મૂર્ત્તિ નીચે આ લેખ ખોદેલો છે.

આ લેખ પણ ઉપર્યુક્ત મંત્રી વિજયનો છે. આમાં તેનું નામ ठकुर विजयब्रह्म લખેલ છે. લેખનો સાર આ પ્રમાણે છેઃ—

સંવત્ ૧૩૦૯ ના વૈશાખ શુદિ ૩ ને ગુરુવારે, આજ અહીં રાંતયજ–રાંતેજ ગામમાં મંત્રી શ્રી રાણિગ (ની ભાર્યા રયણાદેવી) ના પુત્ર ઠાકોર વિજયબ્રહ્મે (મંત્રી વિજયે) પોતાની બહેન ગઉરદેવીના શ્રેય માટે શ્રી સરસ્વતીદેવીની મૂર્ત્તિ કરાવી.

(૨૩)[૧૬]

सं. ११२४ श्री ब्रह्माणगच्छे जसो (यशो) भद्राचार्यो [र्ये] जसो (यशो) वर्द्धन वैरसीह जज्जक प्रद्युम्नैः (म्नैः) यघरि नागदेव्ये (?) पितृमातो (तृ) निमितं (त्तं) कारितेयं प्रतिमा

સં. ૧૧૨૪માં, શ્રી બ્રહ્માણગચ્છીય[૧૭] શ્રી યશોભદ્રાચાર્યની આમ્નાયવાળા યશોવર્ધન, વૈરિસિંહ, જજ્જક અને પ્રદ્યુમ્ને માતા–પિતાના શ્રેય માટે આ જિનમૂર્તિ કરાવી હતી.

(૨૪)

सं. १३१६ (?) वैशाख वदि १ सीतादिभिः............श्रेयसे कारिता

સં. ૧૩૧૬ (?)ના વૈશાખ વદિ ૧ ને દિવસે, સીતા વગેરે એ........કલ્યાણ માટે આ જિનપ્રતિમા ભરાવી હતી.

(૨૫)

सं १८९३ माहा सुदि १० बुधे श्री अम्मदावाद वास्तव्य ओसवालज्ञातौ वृद्धशाखायां सा श्री ५ दीपचंद तत्पुत्र सा. नीहालचंद तत्पुत्र सा। मानि[क]चंद तेन श्री रातजग्रामप्रासादे स्थापनार्थं श्री आदिनाथ बिंबं...........भ । विजयदिनेन्द्रसूरिभि.... .......

૧૬. લે. નં. ૨૩ અને ૨૪વાળા લેખો, રાંતેજના જિનાલયની ભમતીમાંના અનુક્રમે મૂળ મંદિરની જમણી બાજુના અને પાછળના ગભારાના મૂળનાયકજીની નીચે સ્થાપન કરેલી પ્રાચીન પરિકરની ગાદીઓ પર ખોદેલા છે.

૧૭. સિરોહિસ્ટેટના મઢાર પરગણામાં આવેલ શ્રી જીરાવલાપાર્શ્વનાથ તીર્થથી લગભગ ૪ માઇલ દૂર 'વરમાણ' નામનું ગામ વિદ્યમાન છે. પહેલાં 'બ્રહ્માણ' નામથી ઓળખાતું હતું. આ ગામના નામ પરથી 'બ્રહ્માણ' ગચ્છ નીકળ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૨૬)

सं. १८९३ माहा सुदि १० बुध रातेजनगरे समस्तसंघेन श्री माहलक्ष्मिमुर्त्ती करापितं प्रतिष्ठितं । भ । श्री विजयदिनेन्द्रसुरिभि । श्री तपागछे ॥श्री॥ सा ऋषभदास तत्पुत्र सा । गणेश तथा सा । कीसोर । त । साधनजी तथा खुशालचंद तेन श्रेयार्थे मूर्तिकरापिता

(૨૭)

॥ सं. १८९३ महा सुदि १० बुधवासरे श्रीरांतेजनगरवास्तव्यसमस्तसंघेन श्रीचक्रेश्वरीदेवीमुर्तिकरापितं प्रतिष्ठितं भ । श्री विजयदिनेंद्रसूरिभिः तपागच्छे सा । गणेश ऋषभदास स्वश्रेयोर्थं

નં. ૨૫ નો લેખ, રાંતેજના જિનાલયની ભમતીમાં મૂળ મંદિરની પાછળના ગભારામાં મૂળનાયક શ્રી આદીશ્વર ભ. ની મૂર્તિની બેઠક પર; નં. ૨૬ વાળો લેખ એ જ ગભારાની બહારના ગોખલામાં વિરાજિત શ્રીમહાલક્ષ્મીજીની આરસની મૂર્તિપર તથા નં. ૨૭નો લેખ, એ જ મંદિરની ભમતીની પહેલી દેરીની પાસે સ્થાપન કરેલ ચક્રેશ્વરી-દેવીની મૂર્તિપર ખોદેલો છે.

ઉક્ત ત્રણે મૂર્તિઓની પ્રતિષ્ઠા વિ. સં. ૧૮૯૩ના માઘ શુદિ ૧૦ને બુધવારે, તપા-ગચ્છીય ભટ્ટારક શ્રીવિજયદિનેંદ્રસૂરિએ કરેલ છે. તે ત્રણે લેખોનો સારાંશ આ છે:—

અમદાવાદનિવાસી, વિશાઓસવાલજ્ઞાતીય શાહ દીપચંદના પુત્ર શાહ નીહાલચંદના પુત્ર શાહ માણેકચંદે શ્રી રાંતેજ ગામના જિનાલયમાં વિરાજમાન કરવા માટે શ્રી આદિનાથ ભ. નું બિંબ કરાવ્યું. (૨૫)

રાંતેજ નગરના સમસ્ત સંઘે તથા શા. ઋષભદાસના પુત્ર શા. ગણેશ તથા શા. કીશોર તથા શા. ધનજી તથા શા. ખુશાલચંદે શ્રી સંઘના શ્રેય માટે શ્રી મહાલક્ષ્મી-દેવીની મૂર્તિ કરાવી. (૨૬)

શ્રી રાંતેજનગરનિવાસી સમસ્ત સંઘે તથા શાહ ગણેશ ઋષભદાસે પોતાના કલ્યાણ માટે શ્રી ચક્રેશ્વરીદેવીની મૂર્ત્તિ કરાવી.(૨૭)

(૨૮)[૧૮]

धर्म्मः शांति भार्यया शो....बया भ्रातृश्रेयसे कारितः ॥

શાંતિની ભાર્યા શો...બાએ પોતાના ભાઈના કલ્યાણ માટે શ્રી ધર્મનાથ ભ. ની પ્રતિમા ભરાવી.

(૨૯)

यवब्रः पद्युर्नुनम । सदोन्नगः शा........श्रेयसि(से)कारिता

........ના શ્રેય માટે આ જિનપ્રતિમા ભરાવી.

૧૮ નં. ૨૮ અને ૨૯ વાળા લેખો, રાંતેજના જિનાલયના મૂળનાયક શ્રી નેમિનાથ ભ. ની અનુક્રમે જમણી તથા ડાબી બાજુની એક એક મૂર્ત્તિ નીચે સ્થિત પરિકરની પ્રાચીન ગાદીઓ પર ખોદેલા છે.

આ બન્ને લેખોમાં સંવત્ આપેલો નથી, પરંતુ લેખોની લિપી ઉપરથી તે બન્ને લેખો બારમી-તેરમી શતાબ્દીના હોય તેમ લાગે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री महावीरजिन-श्राद्धकुलकम्

संशोधक: उपाध्यायजी महाराज श्रीमद् यतीन्द्रविजयजी.

यह कुलक धार रियासत के नीमारप्रान्तीय कुकसीकस्बे के ज्ञानमन्दिर के हस्तलिखित ग्रन्थसंग्रह से प्राप्त हुआ, जो पडिमात्रा की सुन्दर लिपी से एक पत्र में लिखा हुआ है। पत्र की लम्बाई १५ अंगुल और चोडाई ७॥ अंगुल की है। इसके प्रत्येक पृष्ट में १४ लाइन (पंक्तियां) और प्रतिपंक्ति में ५० या ५१ अक्षर हैं। पत्र में जैसा लिखा है, वैसी ही प्रतिलिपी यहां उद्धृत है। कुलक में कर्त्ता का नाम नहीं है, लेकिन मालूम पडता है कि इस कुलक के निर्माता आर्य परमदेव ही हैं। उन्होंने तुंगियापत्तन (वर्त्तमान तालनपुर) में चतुर्मास रह कर अपनी सुगमता के लिये इस कुलक को लिखा या बनाया है। इसमें भगवान् महावीरस्वामी के मुख्य दश श्रावकों का अति संक्षिप्त वर्णन इस प्रकार दिया है:—

(१)

वाणियगामपुरम्मि य, आणंदो नाम गिहवई आसी।
सिवनंदा से भज्जा, दस सहसा गोउला चउरो ॥ १ ॥
निहि-ववहार-कलंतर-ठाणेसुं कणयकोडिबारसगं।
सो सिरिवीरजिणेसर-पयमूले सावओ जाओ ॥ २ ॥

—वाणिजग्रामपुरे आनन्दो नाम गृहपतिरासीत्, तस्य च शिवनन्दाभिधा भार्या, प्रत्येकं दश दश सहस्रगोसंख्यानि चत्वारि गोकुलानि, ४ कोटयो निधानगताः, ४ कोटयो व्यवहारगताः, ४ कोटयो व्याजगताश्च। एवं १२ कनककोटयश्च बभूवुः। पञ्च पञ्च शतानि हलशकटप्रवहणानाश्चाऽऽनन्दस्य। स चैकादशश्राद्धप्रतिमाविधिवदाराध्य दुष्करतरतपोभिः संलिखिततनुः क्रमेणाऽनशनं प्रतिपद्य शुभतमभावोत्पन्नावधिज्ञानो लवणोदधावुत्तराशां मुक्त्वा शेषदिक्षु पञ्चपञ्चयोजनशतानि, उत्तरतस्तु लघुहिमाचलं यावदूर्ध्वं च सौधर्मं यावदधस्तु रत्नप्रभां यावत्पश्यति जानाति। २० वर्षाणि धर्ममाराध्य मासिकानशनेन सौधर्मेऽरुणाभविमाने चतुःपल्योपमायुर्देवोऽभूत्ततो विदेहे शिवं यास्यति।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(२)

चंपाइ कामदेवो, भद्दाभज्जो सावओ जाओ।
गोउल–छ–अट्ठारस–कंचणकोडीण जो सामी ॥ ३ ॥

—चम्पानगर्यां कामदेवो नाम गृहपतिरभूत्। तस्य च भद्राभिधाना भार्या। पूर्वोक्तप्रमाणानि षट् गोकुलानि। ६ कनककोटयो निधिगताः, ६ कोटयो व्यवहारगताः, ६ कोटयो व्याजगताः। एवं १८ काञ्चनकोटीनां यः स्वामी समजनि।

(३)

कासीए चुलणापिया, सामा भज्जा य गोउला अट्ठ।
चउवीसकणयकोडी, सड्ढाण सिरोमणी जाओ ॥ ४ ॥

—काशीनगर्यां चुलनिपिता नाम गृहपतिरजनि। तस्य च श्यामाभिधा भार्या। पूर्वोक्तपरिमाणान्यष्टौ गोकुलानि। निधिव्यवहारव्याजगताः प्रत्येकमष्टाष्टकोटयः। एवं २४ कनककोटयः समभवन्।

(४)

कासीए सुरदेवो, धन्नाभज्जा य गोउला छच्च।
कणयट्ठारसकोडी, गहियवओ सावओ जाओ ॥ ५ ॥

—काशीपुर्यां सुरदेवो नाम गृहपतिरभूत्। तस्य च धन्याभिधा भार्या। पूर्वोक्तमानानि गोकुलानि षट्। निधिव्यवहारव्याजगताः षट् षट् च। एवमष्टादश कनककोटयः समजायन्त।

(५)

आलंभियानयरीए, नामेणं चुल्लसयगसड्ढो य।
बहुला नामे पिया, रिद्धीए कामदेवसमा ॥ ६ ॥

—काम्पिल्यपत्तने आलंकाभिनगर्यां चुल्लशतको नाम गृहपतिरभूत्। तस्य च बहुलाह्वा भार्या। ऋद्धिस्तु तस्य कामदेवसमाना समभूत्।

(६)

कंपिल्लपट्टणम्मी, सड्ढो नामेण कुंडकोलियओ।
पुप्फा पुण तस्स पिया, रिद्धी सिरिकामदेवसमा ॥ ७ ॥

—काम्पील्यपत्तने कुण्डकोलिको नाम गृहपतिरभूत्तस्य च भार्या पुष्पा नाम्नी। ऋद्धिस्तु श्रीकामदेवसमा।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(७)

**सद्दालपुत्तनामा, पोलासम्मि कुलालजाईओ ।**
**भज्जा य अग्गिमित्ता, कंचणकोडीओ से तिन्नि ॥ ८ ॥**

—पोलासपुरे कुलालजातिकः शब्दालपुत्रो नाम श्राद्धो जातः । तस्य च भार्या अग्निमित्राभिधा । त्रिकनककोटीनां स्वामी ।

(८)

**चउवीसकणयकोडी, गोउल अट्ठेव रायगिहनयरे ।**
**सयगो भज्जा तेरस, रेवइ अड सेस कोडीओ ॥ ९ ॥**

—राजगृहपुरे शतको नाम गृहपतिरभूत् । तस्य च निधानादिषु चतुर्विंशतिस्वर्णकोटयः बभूवुः । अष्टौ गोकुलानि चासन् । भार्यास्तु त्रयोदशजातास्तासु रेवतीनाम्न्या अष्टौ स्वर्णकोटयः, शेषाणां द्वादशानां त्वेकैका स्वर्णकोटिरभूत् ।

(९)

**सावत्थीनयरीए, नंदणिपिया नाम सड्ढओ जाओ ।**
**अस्सिणि नामा भज्जा, आणंदसमो य रिद्धीए ॥ १० ॥**

—श्रावस्तीपुर्यां नन्दिनिपिता नाम गृहेश आसीत्, तस्याश्विनी भार्या । ऋद्धिस्तु श्रीआनन्दश्राद्ध–समाना ज्ञेया ।

(१०)

**सावत्थीनयरीए, तेयलिपिया सावगपवरो ।**
**फग्गुणी नाम कलत्तो, आणंदसमो य रिद्धीए ॥ ११ ॥**

—श्रावस्तीनगर्यां तेतलीपिता नामको श्रावकप्रवर आसीत्तस्य च भार्या फग्गुणी नामा । समृद्धया चानन्दसमानोऽभूत् ।

एते दश सम्यक्त्वमूलद्वादशव्रतधारिणः, एकादशप्रतिमाधारकाः, परमरेखाप्राप्ताश्च । दशभिरपि श्राद्धैः विंशतिवर्षाणि यावत् श्रीधर्म आराधितः । तन्मध्ये चतुर्दशवर्षानन्तरं षट् वर्षाणि यावद् गृहचिन्तापरिहारः कृतः । एकादशप्रतिमाऽऽराधनादिदुष्करतपःक्रिया कृता, सर्वेषां मासिकसंलेखनाऽनशनं जातं, प्रान्ते चावधिज्ञानमुत्पन्नं, आनन्दवर्ज्यानामन्येषां देवपरीक्षा बभूव । आयुःसमाप्तौ ते दशापि सौधर्मे कल्पे पृथक्पृथग्विमानेषु चतुःपल्योपमायुषो देवा अभूवन् ततश्च्युत्वा दशापि महाविदेहे क्षेत्रे राजानो भूत्वाऽवसरे दीक्षां लात्वा विमलकेवलज्ञानलक्ष्मीं प्राप्य महानन्दपदानन्तसुखं विलासिनो भविष्यन्ति ।

संवत् १५२८ वर्षे अश्विनसिते ५ तिथौ तुंगियापत्तने लिखितमिदं **श्रीमहावीरजिनश्राद्धकुलकं** परमदेवार्येण स्वपरपठनार्थम् ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ.....મા.....ચા.....ર

## મૂર્ત્તિઓ મળી :

તા. ૩-૧-૩૭ ના દિવસે મહુડી ( વિજાપુર ) ગામની પાસેના કોટ્યર્ક નામક તીર્થ-સ્થાનમાંથી, ધર્મશાળા બનાવવા માટે પાયો ખોદતાં, ધાતુની પાંચ જિનપ્રતિમાઓ મળી આવી છે. તેમાંથી ચાર પ્રતિમાઓ ન્હાની છે, જ્યારે એક સિંહાસનયુક્ત છે. મૂર્તિઓ પ્રાચીન હોય એમ લાગે છે.

## પુનર્જન્મ અને જાતિસ્મરણ :

(૧) ફરીદપુરના એક હોટલમાલિકના સાત વર્ષની ઉમ્મરના સુંદર નામના પુત્રે, પોતે પોતાના પૂર્વ ભવમાં મુસલમાન હોવાનું જાહેર કર્યું છે. પૂર્વ ભવના સગાસંબંધીઓને લગતી બાબતોની તપાસ કરતાં, એણે કહેલી બધી વાતો મળતી આવી છે.

(૨) આજ પ્રમાણે પોલેંડમાં એક બાઇને પોતાના પૂર્વ જન્મનું સ્મરણ થયું છે તેણે કબ્રસ્તાકમાંની એક કબરને જોઇને ત્રણસો વર્ષ પહેલાં પોતાના શરીરની દફનક્રિયા તે કબર નીચે કરવામાં આવી હતી, તે જાહેર કર્યું હતું. સાથે તેણે એ પણ બતાવ્યું છે, કે પોતે પૂર્વ ભવમાં માછીમારની પુત્રી હતી અને તેનો પતિ યુદ્ધમાં માર્યો ગયો હતો. તપાસ કરતાં તેણે કહેલી વાત સાચી ઠરી છે. એ બાઇનું નામ મેરીયા છે અને તે પોલેંડના દવા વેચાનારની ભત્રીજી થાય છે.

## આફ્રિકામાં જિનમિંદર :

મોમ્બાસા ( પૂર્વ આફ્રિકા ) માં એક જિનમંદિર બંધાવવા માટે ત્યાંના જૈનો પ્રયત્ન કરી રહ્યા છે. આ પ્રયત્ન સફળ થશે એમ લાગે છે.

---

### : સ્વીકાર :

"તપ અને ઉદ્યાપન": કર્ત્તા: આગમોદ્ધારક, પ્રકાશક: સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, ધનજી સ્ટ્રીટ, મુંબઇ. મૂલ્ય: દસ આના. ક્રાઉન ૧૬ પેજી, પૃષ્ઠ સંખ્યા ૫૬૫.

---

### : જોઇએ છે :

"શ્રી જૈન સત્ય પ્રકાશ" ના પ્રથમ વર્ષના ૨, ૩, ૭, ૮ અંકોની આવશ્યકતા છે. જેઓ એ બધાય અથવા એ ચારમાંથી કોઈ પણ અંક અમને મોકલશે તેનો સાભાર સ્વીકાર કરીને, તેના બદલામાં ચાલુ સાલના તેટલા અંકો મજરે આપવામાં આવશે.

અંકો મોકલવાનું ઠેકાણું:-

**શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ**

જેશિંગભાઇની વાડી, ઘીકાંટા-**અમદાવાદ**, (ગુજરાત).

---

મુદ્રક અને પ્રકાશક: ચીમનલાલ ગોકળદાસ શાહ, મણિમુદ્રણાલય, કાલુપુર, ખજુરીની પોળ, અમદાવાદ.
પ્રકાશન સ્થાન: શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા, અમદાવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

*Regd. No. B. 3801*

## આજે જ ગ્રાહક બનો!

પ્રત્યેક જૈને વાંચવો અને વસાવવો જ જોઇએ.

# श्री जैन सत्य प्रकाश

नो

# श्री महावीर निर्वाण विशेषांक

"**જૈનમિત્ર**" નામનું પ્રસિદ્ધ સાપ્તાહિક પત્ર તે માટે લખે છે:—

"આ અંક ખૂબ મહેનતે પ્રગટ કરવામાં આવ્યો છે. આમાં શ્વેતાંબર શાસ્ત્રોમાં ભગવાન મહાવીરનું જે વર્ણન છે તે, ભિન્ન ભિન્ન સાધુ તેમજ ગૃહસ્થ જૈન વિદ્વાનોના લેખોમાં આપવામાં આવ્યું છે. જેઓ મહાવીરસ્વામીનું ચરિત્ર લખવા ચાહતા હોય તેઓને આ અતિ ઉપયોગી થઈ પડશે."

—જૈનમિત્ર, વર્ષ ૩૮, અંક ૯.

રૉયલ આઠ પેજી સાઈઝ, ઊંચી જાતના કાગળો, સુંદર છપાઇ
અને **પૃષ્ઠ સંખ્યા ૨૨૯** છતાં

એ અંકનું છૂટક મૂલ્ય માત્ર **બાર આના** (ટપાલખર્ચ જુદું) જ છે.

**ટપાલ ખર્ચ**:—બુકપોસ્ટથી મગાવનારે કુલ તેર આના મોકલવા. વી. પી. થી મગાવનારને એક રૂપિયાનું વી. પી. કરવામાં આવશે.

## ગ્રાહક થનારને ખાસ લાભ!

જેઓ બે રૂપિયા ભરીને "શ્રી જૈન સત્ય પ્રકાશ" ના ગ્રાહક તરીકે પોતાનું નામ નોંધાવશે તેમને—

કોઈ પણ જાતના વિશેષ મૂલ્ય વગર ચાલુ અંક તરીકે એ દળદાર અંક મોકલવામાં આવશે.

અને એ ઉપરાંત આખા વર્ષ દરમ્યાન બીજા દશ અંકો મળતા રહેશે.

ગ્રાહક થવા માટે આજે જ લખો,

**શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ.**

જેશિંગભાઇની વાડી, ઘીકાંટા,

**અમદાવાદ** (ગુજરાત)

For Private And Personal Use Only